વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૪૦ : અંક - ૬ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : એપ્રિલ ૬, ૨૨ ૨૦૨૨

# 'સેવા' પચાસે પુગી



**'સેવા'ની અડધી સદીની ઉજવણીની શરૂઆત દિપ પ્રાગટ્યથી...**

''હમ સબ એક હૈં''... ૧૦૦ સાલ સાથ હૈ... ૧૦૦ લાખ હોકે રહેંગે... ના નારાઓથી હોલ ગૂંજી ઉઠ્યો... તે કેમ ના ગૂંજે ? ૧૨ એપ્રિલ, ૨૦૨૨ એ 'સેવા'એ ૫૦ વર્ષ પૂરાં કર્યા તેની ઉજવણી હતી... 'સેવા'ના ૧૮ રાજ્યોના એક હજારથી પણ વધુ પ્રતિનિધિઓ ઉત્સાહથી પૂરી તાકાતથી નારા લગાવતાં હતાં... માથામાં લગાવેલી મોગરાની વેણીથી વાતાવરણ સુગંધમય હતું. હા, રંગોળી હતી તે પણ 'સેવા' પ્રતિકસમા વડલાની.. કોવિડ પછી બધા પહેલીવાર આટલી મોટી સંખ્યામાં મળતાં હતાં એટલે એકબીજાની ખબરઅંતર પૂછતાં ગળે લાગતાં હતાં.

''હમ સબ એક હૈ''ના પોતાના રાજ્યની ભાષા- હિન્દી, મલયાલમ, મરાઠી, બંગાળી, ગુજરાતી, રાજસ્થાની, પંજાબી, ઉડીયા, આસામી, મદ્રાસી, કન્નડ, તેલગુ વગેરેના ફ્લેગ થોડી-થોડી વારે પોતાની જગ્યાએથી ઉભા થઇને લહેરાવતાં હતાં. કાર્યક્રમ શરૂ થવાની થોડીવાર હતી કારણ કે, રાજ્યોના જુવાન પ્રતિનિધિઓની એક ટુકડી 'સેવા'ના પ્રતિક સમા 'વડ'ની રોપણી કરવા ગયેલ જેની રાહ જોવાતી હતી. 'સેવા'નો ઇતિહાસ અહીં વાગોળવાનું મન થાય છે...

વિક્ટોરિયા ગાર્ડન આપણો 'સેવા'ના ઇતિહાસનો ભાગ છે. 'સેવા'ની શરૂઆતના દિવસો એવા હતા, જ્યારે શહેરમાં કોઇ જ જાહેર કે ખાનગી જગ્યાએ અમને મિટીંગ કરવા ન દેતાં. હેડ કરીને ઊઠાડી મેલતા, ત્યારે અમારે માટે વિક્ટોરિયા (બાગ) ગાર્ડન જ એક જગ્યા હતી જ્યાં અમે નિર્ભય પણે શાંતિનો શ્વાસ લઇ શકતાં સાથે મળી શકતાં. ત્યાર પછી પણ કેટલીય ધંધાસમિતિઓ વિક્ટોરિયા ગાર્ડનમાં જ કરેલી છે. વિક્ટોરિયા બાગ અને વડલો બેઉ આપણી 'સેવા'નો ઇતિહાસ છે. પૂજ્ય અનસૂયાબેને (મોટાબેન) મજૂર મહાજનની શરૂઆત વડલાની હેઠળ છાયામાં બેસીને પ્રથમ સભાથી કરી હતી.

હવે વાત કરું 'સેવા'ના સહુપ્રથમ સભ્યો કોણ બન્યાં? તો એ છે જૂના કપડાં વેચનારા પૂરી બજારના.

ચાલો, હવે પાછી લઇ જઉં ઉજવણીમાં...

વડની રોપણી કરવા ગયેલા જુવાન પ્રતિનિધિઓ અને ઇલાબહેનની રાહ જોવાતી હતી, આ મોકો લઇને રાજ્યો પોત-પોતાની ભાષામાં 'સેવા'ની ઉજવણીનાં ગીતો માઇક પરથી પોતાના રાજ્યોના પરંપરાગત પહેરવેશમાં ગાતા હતાં અને બીજા પ્રતિનિધિઓ તાલીઓથી તેમાં સાથ આપતાં હતાં અને ત્યાં જ ખળભળાટ મચ્યો. ઇલાબહેન ઉજવણીમાં ભાગ લેવા આવ્યાં. ખૂબ મલકાતાં તા.

સવિતાબહેન-વેચનારાના જૂથ સાથે ઘસી ગયાં અને એક ઇશારો કર્યો ને, ઢોલીઓનાં ઢોલ ઢમકવા માંડયા અને સવિતા એ ભીંડા-રીંગણ-ટીંડોળાનો બનાવેલો હાર ઇલાબહેનને પહેરાવ્યો. હજુ કંઇ ઇલાબહેન સમજે એ પહેલાં તારાબેન વેચનારે ગીત શરૂ કર્યું.... ઢમ ઢમ ઢમ ઢમ નગારા વાગે... ના હાથી ના ઘોડા... 'સેવા'નો વરઘોડો... હવે કોઇ કોઇના હાથમાં ઝાલ્યા રહે તેમ નહતું. તે કેમ રહે? આ તો શ્રમજીવી બહેનોના સંગઠને ૫૦ વર્ષ પૂરાં કર્યા અને 'સેવા' સંગઠનને ૧૦૦ વર્ષથી વધુ વર્ષ પૂરાં કરવાનો મનમાં સંકલ્પ દરેકના મનમાં હતો અને ઢોલીના ઢોલના તાલે દરેકના પગ નાચવા માંડયા.... દિલથી દુઆ નિકળી કે આ શ્રમજીવીઓનું સંગઠન હંમેશા જીવંત રહે, થરકતું રહે, એક રહે... 'આમીન'... 'સુમ્મા આમીન'....

તો, 'અનસૂયા'નો આ અંક ૫૦ વર્ષની ઉજવણી અને ૧૦૦ વર્ષ પૂરાં કરવાના સંકલ્પનો છે. પૂરેપૂરો વિગતવાર અહેવાલ હવે જોઇએ...

**- મનાલી**

❑

'સેવા'ના ૫૦ વર્ષની ઉજવણી ૧૨ એપ્રિલ-૨૦૨૨ના રોજ 'સરદાર પટેલ' સ્મારક ભવન, શાહીબાગ, અમદાવાદ ખાતે ખૂબ ધામધૂમથી કરવામાં આવી. જેમાં, ગુજરાત, વેસ્ટ બંગાળ, મહારાષ્ટ્ર, આસામ, મેઘાલય, જમ્મુ-કાશ્મીર, લદાખ, ઓરિસ્સા, ઝારખંડ, પંજાબ, બિહાર, દિલ્હી, રાજસ્થાન, કેરળ, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ અને નાગાલેન્ડ મળીને કુલ ૧૮ રાજ્યોની 'સેવા'ના પ્રતિનિધિઓએ ભાગ લીધો.

ઉજવણીની શરુઆતમાં 'સેવા'ની સર્વધર્મ પ્રાર્થના કરવામાં આવી. ત્યારબાદ 'સેવા'ના પ્રધાનમંત્રી જ્યોતિબહેન મેકવાને 'સેવા'ના ૫૦ વર્ષની ઉજવણી પ્રસંગે આવેલ મહેમાનોનું સ્વાગત કરતાં જણાવ્યું કે, 'સેવા'ની સભ્ય સંખ્યા ૨૧, ૪૧, ૭૮૭ કામદાર બહેનોએ સાથે મળીને 'સેવા'નો મુખ્ય ધ્યેય પૂર્ણ રોજગાર અને સ્વાવલંબી બનવાની દિશામાં 'સેવા' આગળ વધી રહી છે. 'સેવા'ના ૫૦ વર્ષની સફરમાં ઘણા બધા લોકોનું યોગદાન રહ્યું છે. 'સેવા'ના સ્થાપક ઇલાબહેન અને જુના સાથી આગેવાન બહેનોનો અને હાલની આગેવાન બહેનોએ અને તેમના પરિવાર જનોનો પણ ઘણો સાથ-સહકાર રહ્યો છે. આજના ખાસ દિવસે હું ઇલાબહેનના પતિ રમેશભાઇ ભટ્ટને યાદ કરું છું અને આપણા બધા વતી આજ તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ. તેમનું આપણા સંગઠનમાં ઘણું યોગદાન રહ્યું છે. ઇલાબહેનના પરિવારથી સેવાને ઘણો સાથ-સહકાર મળતો રહ્યો છે. આજના ખાસ દિવસે ઇલાબહેન તથા તેમના પુત્ર મિહિરભાઇ

આપણી સાથે છે તેમનો પણ 'સેવા' સંગઠનમાં સાથ રહ્યો છે. તેમનું ૫૦ વર્ષની ઉજવણીમાં સ્વાગત કરું છું. ઇલાબહેનની દીકરી અમીબહેન, પૌત્રો સોમનાથ અને રામેશ્વરની પણ અલગ અલગ રીતે 'સેવા'ને સાથ-સહકાર મળતો રહ્યો છે. ઇલાબહેનના આ પરિવારના સહકારથી જ તેમનો પરિવાર 'સેવા પરિવાર' બની ગયો છે અને એ આપણું સૌભાગ્ય છે.

આજની ઉજવણીમાં આપણી સાથે હરીશભાઇ ખરે પણ સાથે છે જેઓ રેનાના ઝાબવાલાના પતિ છે. આજની ૫૦ વર્ષની ઉજવણીમાં તેમનું સ્વાગત કરું છું. તમારા સહુના સહયોગ વતી હું તમારો આભાર વ્યક્ત કરું છું. હરીશભાઇનો સોલીડ ટેકો, 'સેવા'ના ભારે કટોકટીના કાળમાં જે મળ્યો તેને 'સેવા' કદી ભૂલશે નહિ.

ઘણા આનંદની વાત છે કે, આપણા સંગઠનમાં નવી પેઢીની ઘણી બહેનો જોડાઇ છે. હવે આ 'સેવા'ની ચોથી પેઢી છે જેની આગેવાનીમાં આપણે જરૂરથી ૧૦૦ વર્ષની ઉજવણીનો ઉત્સવ કરીશું. હું તો જ્યાં છું ત્યાંથી જ જોઇશ. આગળના ૫૦ વર્ષમાં આપણા સભ્યો અને તેમનો પરિવાર કેવો હશે ? તેના વિશે વિચારીને એ દિશામાં કામ કરવાનું એ આપણા સૌની જવાબદારી છે. ૫૦ વર્ષની ઉજવણી અને ૧૦૦ વર્ષની ઉજવણીમાં આપણા વિચારો અને સપના શું છે ? તેના માટે આપણે ઘણા બધા લોકો સાથે વાત કરી છે.

આજે ઇલાબહેને 'સ્વચ્છ આકાશ'નું દર્શન કેમ થાય તે દિશામાં વિચારવાનો એક ખાસ મુદ્દો આપણને આપ્યો છે. તમારા બધાના વતી ઘણા મુદ્દા મળ્યા છે જેમ કે સ્વચ્છ ધરતી, ટેક્નોલૉજી, પર્યાવરણ અને સ્વચ્છ પાણી વગેરે. જેના પર આગળના ૫૦ વર્ષમાં આપણે કામ કરવાનું છે. આપણા એક કાર્યકર્તાએ ઘણું ટૂંકમાં કહ્યું છે કે, આગળના ૫૦ વર્ષમાં આપણે આ બધું કરીશું અને સાદુ જીવન જીવીએ અને સાદુ ભોજન જમીએ. ઘણા અલગ-અલગ મુદ્દાઓ મળ્યા છે પણ જે કોમન મુદ્દો આવ્યો છે તે બધાની પાસેથી આવ્યો તે છે, આપણા મૂલ્યો! મૂલ્યોની વાત આવે એટલે સચ્ચાઇ, અહિંસા, સર્વધર્મ સમાન અને સાદગી એ આપણા બધા માટે મહત્વનું રહ્યું છે. આ જ તો આપણી સંપતિ (મૂડી) છે. આપણે જે કાંઇ પણ કરીએ એમાં આ બધું સાથે લઇને ચાલવાનું છે, જીવનભર. આગળના ૫૦ વર્ષની વાત કરીએ તો સ્વરાજ મેળવવાનું આપણુ વિઝન દર્શન જે આજે દરેક રાજ્યની અલગ-અલગ ભાષામાં ઘડાયુ છે. સ્વરાજ મેળવવામાં આપણે પૂર્ણ રોજગાર મેળવવું એ સમજ્યા છીએ. પૂર્ણ રોજગારની જ્યારે વાત કરીએ છીએ ત્યારે ત્રણ-ચાર મુદ્દા જે ખાસ સમજીને આચરીએ છીએ અને હજુ તેને ઉંડાણથી જાણીને આગલા ૫૦ વર્ષ કામ કરવાનું છે. આપણે પૂર્ણ રોજગાર વિશે વિચારીએ છીએ ત્યારે પૂર્ણરોજગાર એવો હોય જેનાથી આપણી રોજગારી ટકી રહે, જેમાંથી ગુણવત્તાવાળી સંપતિ ઊભી કરી શકીશું, એવો રોજગાર હોય જેનાંથી કોઇને આર્થિક નુકશાન ના થાય તેનું ખાસ ધ્યાન રાખીએ.

ઇલાબહેનનો વિચાર 'અનુબંધ'ની વાત કરું તો, કોઇ પણ રોજગાર ઉભો કરીએ પણ એનું ખાસ ધ્યાન રાખીએ કે કોઇ બીજાનો રોજગાર છીનવાઇ તો નથી જતો ને! એ વિચારવું ખૂબ જરૂરી છે. આપણે એવો રોજગાર જોઇએ કે નફાખોરીના અર્થતંત્રમાં કંઇક નવીન રોજગાર મળી રહે તેવા પ્રયત્નો કરીએ. પૂર્ણ રોજગાર પણ અહિંસક હોય, જેમાં હરિયાળી ખેતી, હરિયાળો રોજગાર, હરિયાળી આવક, હરિયાળુ બજાર, હરિયાળી મિલ્કત અને ઝીરો કાર્બન ઉતપત્તિ તરફ લઇ જાય. આપણી સામૂહિક સંગઠન શક્તિ અને આપણા મૂલ્યો આપણા હ્રદયમાં રહેશે અને કાયમ સાથે રાખીને ચાલીશું.

''હમ સબ એક હૈં'' આ નારો આપણે દરેક ભાષામાં બોલીએ છીએ. આ નારો માત્ર નારો જ ના રહે પણ, આપણી એકતા અને આપણો એક બીજાનો પ્રેમ અને વધુ એક-બીજા પર વિશ્વાસ રાખવો એ આપણા માટે ખૂબ જરૂરી છે. આ આપણી બધાની જવાબદારી છે. આપણે આપણી નવી પેઢીને શું આપવાના છીએ એ જ આપણી 'સેવા'ના સંસ્કાર બની રહેશે અને આને જ આગળ લઇ જઇશું. આપણે આટલા વર્ષોમાં સમજી ગયા છીએ કે આપણે ગરીબી સાથે લડવાનું છે અને લાંબી મજલ કાપવાની છે. પણ, ઇલાબહેન, આજે આપણે એ પણ સંકલ્પ કરીએ છીએ કે, આ લડાઇ આપણે જે લડી રહ્યાં છીએ તે આપણી એકતા, મૂલ્યો અને સંસ્કારોને સાથે રાખીને આપણે બધા એક સાથે હાથમાં હાથ મિલાવીને આગળ ચાલીશું. આ ઉજવણી આખું વર્ષ ચાલશે. ઘણાં રાજ્યોમાંથી જેમ કે મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, કાશ્મીરથી આવેલી બહેનોએ ઉજવણી માટે વિચારી રાખ્યું છે અને આ દિશામાં આપણે આગળ વધીશું.

જ્યોતિબહેનનો આભાર માનતાં મનાલીબહેને ઉજવણીનો કાર્યક્રમ આગળ ધપાવતાં કહ્યું કે, આજના કાર્યક્રમમાં ઘણી એવી વાતો છે જે આપણે કાયમ યાદ રાખવી પડશે. આ સંદર્ભે ઉપસ્થિત બહેનોને સવાલો પૂછું છું કે, આપણે શું શું ધ્યાનમાં રાખવા બાબતના મુદ્દાઓ વિશે ચર્ચા થઇ? એક પછી એક બહેનોએ આંગળી ઊંચી કરીને જવાબ આપ્યા. સાદગી, મૂલ્યો, વિશ્વાસ, સચ્ચાઇ, એકતા, અહિંસા, પૂર્ણ રોજગાર, સંસ્કાર. વેસ્ટ-બંગાળના મોમીતાબહેને કહયું કે, આપણે ગરીબી સામે લડવું પડશે અને સાદું જીવન-સાદું ભોજન જમીશું તો આગળના ૫૦ વર્ષ સારું કામ કરી શકીશું. કચ્છ જિલ્લાના ખેત-મજુર પવનબાએ કહ્યું કે, નવી પેઢીને આપણે આપણા સંસ્કાર આપીએ એ એને લઇને આગળ ચાલશે. આર્થિક રોજગારીની વાત થઇ જેમાં આપણને રોજગારી મળે અને બીજાને પણ રોજગાર સાથે જોડીએ અને એમાં કોઇને નુકશાન ના થાય એવો રોજગાર આપણને જોઇએ.

વેચનારના આગેવાન ચંપાબેન પટણી કહે, ઈલાબહેનનો જે સિદ્ધાંત છે ૧૦૦ માઈલના અંતરમાં જે વસ્તુ બનતી હોય એનો જ ઉપયોગ આપણે કરવો. આપણું ઉત્પાદન, આપણે જ વાપરવાનું તો આપણો પૈસો આપણી આસપાસ ફરતો રહેશે.

આજના ખાસ દિવસે રાજ્યોમાંથી આવેલ બહેનોએ ઈલાબહેને પૂછ્યું કે તમે 'સેવા' કેવી રીતે બનાવી? ત્યારે થોડુ થોડુ મીઠુ મીઠુ મલકાતા ઈલાબહેન સ્ટેજ ઉપર આવીને પોતાની 'સેવા'ના અનુભવોને વાગોળતા કહ્યું કે, 'સેવા' એટલે તમે બધા જ મારા!! તમે જ બનાવી મારા હ્યદયમાં વસેલા. મારા બધા સાથીદાર સાથે છે. રેનાના છે. એમની આગળ પણ ઘણા સાથીદારો રહ્યાં છે. લક્ષ્મી ટેટા પણ. એમને તો હું ક્યારેય ના ભૂલી શકું!! શાન્તાબહેન, સુપા સૌથી પહેલી સાથી જે રાજસ્થાનથી આવેલી હતી, કાળુપુર કાપડ મારકીટ મધ્યે. ફૂટપાથ ઉપર સૂતી હતી, લારી ખેંચતી હતી, ઝઘડતી હતી. ગુજરાતી ભાષા નહોતી આવડતી તેમ છતાં લડતી, ક્યારેક રોતી પણ ખરી! એમાં પણ ફૂટપાથનો એક કોન્ટ્રાક્ટર હતો તેને એ લોકો ચોકીદાર કહેતા. તે એમને બહુ દબાણમાં રાખતો હતો. જે મજુરીમાં કમાય તેમાંથી તેને હપ્તો આપવાનો અને ફૂટપાથ પર સૂવે તેનું ભાડુ પણ લેતો હતો. એક દિવસ મજૂરમહાજનમાં આવી ત્યારે હું ત્યાં કામ કરતી હતી. એની સાથે તેનો ચોકીદાર પણ આવેલો હતો. ચોકીદારે ત્યાંના સાહેબોને બધુ સમજાવીને તેમને હાથ ઉપર લઇ લીધા હતા. ત્યાંના સાહેબોએ સુપાની ફરિયાદ સાંભળી ના સાંભળી અને છોડી દીધી. ત્યારથી આપણે જે કામ કર્યુ તે બધું મને આજે યાદ આવી રહ્યું છે. એ ના હોત તો આજે આપણે ના હોત, હું ના હોત!!

આજની ઉજવણી માટે ઘણાના ફોન અને મેસેજ આવેલા અને હકથી દબાણ કરેલું કે બહેનો જાણવા માંગે છે કે, ઈલાબહેન તમે 'સેવા' કેવી રીતે બનાવી? આ બહુ જ મોટો અને મુશ્કેલ પ્રશ્ન છે. હું એનો જવાબ આપવાની કોશિશ કરીશ અને રેનાના મારી સાથે છે, ક્યાંક કંઈક રહી જાય તો એની પૂર્તિ રેના કરશે. કેમ કે? હું ઘણું ભૂલી પણ ગઇ છું. એમાં હું મારી વાત પણ કરીશ. હું જે વિચારુ છું, તેમાં મારા જીવનના ત્રણ તબક્કા છે. જ્યારે સ્વતંત્રતાની લડાઈ ચાલતી હતી ત્યારે આપણે તેને 'સ્વરાજ' બોલતાં હતાં. 'સ્વરાજ' એટલે આઝાદી. ગાંધીજીએ સ્વરાજની લડત કરી હતી. ત્યારે અમે નાના હતા સ્કૂલમાં ભણતાં હતા. ત્યારે સ્કૂલનો માહોલ પણ એવો જ હતો સ્વરાજની લડત. આવુ કરવું, આવુ ના કરવું, શિસ્તમાં રહેવું. આ જ લડતમાં છીએ અમે બસ આ લડત જ આપણું કામ છે બસ. આપણે વિદ્યાર્થી પણ છીએ અને સૈનિક પણ. કોલૅજના બીજા વર્ષમાં હું આવી ત્યારે આપણો દેશ સ્વતંત્ર થયો. જ્યારે હું 'લૉ' કોલૅજમાં હતી ત્યારે આપણા દેશના બંધારણનો (ડ્રાફ્ટ) કાચો ખરડો અમારી લૉ કોલૅજમાં વિદ્યાર્થીઓ પાસે વંચાવા આવ્યો હતો. ત્યારે અમારા પ્રોફેસરે કહેલું કે કોઈને આમાં કંઇ એડિટીંગ કરવું હોય અથવા કંઇ ઉમેરવું હોય તો કરો. ત્યારે અમે ક્યાં એટલુ સમજી શકતા હતા?! પણ અપાર ગૌરવ થયું અમને! આખા દેશનું બંધારણ સૂચનો માટે અમારી પાસે આવ્યું છે. એ જે ગૌરવની અનુભૂતિ છે તે એકદમ જુદી હતી.

જ્યારે આઝાદી મળી ત્યારે અમે બહુ જ ઉત્સાહી હતા કે હવે આઝાદી મળી છે, અમે જવાન છીએ, અલગ અલગ રીતનું પરિવર્તન લાવવાનું છે તે અમારું જીવનલક્ષ્ય હતું. (ના, બહેનો, આપણો માર્ગ પૂર્ણસ્વરાજનો છે અને સદા એ જ રહેશે. બરાબર સમજીએ કે સ્વરાજ એટલે શું.)

હવે એક એવો તબક્કો આવ્યો આ સરદાર પટેલ હોલમાં બેસીને બોલીશ નહીં. પણ એવું લાગે છે કે, જે 'સ્વરાજ' અધુરું રહી ગયું છે તેને આગળ લઇ જઇને પૂર્ણ સ્વરાજ મેળવી શકીએ? શંકા થાય છે. પૂર્ણ સ્વરાજ એટલે ગાંધીજીએ કહ્યું છે કે, 'જણ જણ સ્વરાજ ભોગવે નહીં ત્યાં સુધી એ સ્વરાજ નહીં'. આપણે પણ આગળ વધીશું અને પૂર્ણ સ્વરાજ મેળવીશું. આજ હું ૯૦ વર્ષની થઇ, 'સેવા'માં જે વિકાસ જોતી આવી છું તેનો મને ઘણો આનંદ અને ખુશી છે. ઘણા મહાનુભાવો હતા જેમની હોંશિયારી, આગળ વધવાની તમન્ના અને ઝડપ તે જોઇને ઘણી ખુશી થાય અને અમને પ્રોત્સાહન મળે.

ઘણી વાર મને લાગે છે કે, એક થાળીમાં આપણે ખાવાનું પીરસીને દેશ બહાર ફેંકી દઇને તેને નષ્ટ કરી દેતા હોઈએ છીએ. તો શું સ્વરાજ આપણે મેળવ્યું કે ગુમાવ્યું? પણ હા આપણે બધાએ કામ કરતાં કરતાં જોયું કે આપણી બહેનો સ્વરાજની મજબૂતી કરી રહી છે, આપણી ગરીબ શ્રમિક બહેનોમાં તો ઘણી બહાદૂરી છે અને આ બહેનોએ જ્યોતિબેન સાથે મળીને ઘણુ સારું વિચારી શકે છે. કોઈ પણ પ્રશ્ન આવે કે કોઇ સારી પ્રવૃતિ કરવાની વાત આવે તો બહેનો જલ્દીથી તૈયાર થઇ જાય છે. કોઇ કંઇ પણ શીખવે તો એનાથી પણ સારું એ બીજાને શીખવી શકે છે અને ત્યાં કોઇ ધર્મ-કર્મનો કોઇ ભેદભાવ આવતો નથી. આ બધું 'સેવા'ની બહેનો જાણે છે. કેવી રીતે રોજગારી મળે છે અને કેવી રીતે રોજગારી છીનવાય છે? કેવી રીતે આપણી આવડતથી આગળ વધી શકીએ? કેવી રીતે પોતાની આવકમાંથી બચત કરીને પોતાની 'મૂડી' ઊભી કરે છે? જ્યારે સાથે મળે છે ત્યારે એક જ ધંધાવાળા મોટી કંપની કે કોઓપરેટીવ સહકારી મંડળી પણ ઊભી કરે છે. આ બધું મેં જિંદગીભર અનુભવ્યું છે. સૌ સૌ બહેનોને, મિત્રોને ધન્યવાદ!

જુઓ તો ખરા, આપણે ૧૯૭૨માં 'સેવા'નું ટ્રેડ યુનિયન બનાવ્યું અને બે જ વરસ પછી ૧૯૭૪માં સહકારી બેંક બનાવી! આજે તો હું વિચારી જ નથી શકતી કે, કોઇ બે વર્ષમાં સહકારી બેંક જેવી બેંક બનાવી શકે ખરા? ધન્ય છે એ સાથી બહેનોને!! એમના થકી મારાથી આ શકય બન્યું છે. એ વખતે પણ અહીં નારણઘાટ ઉપર જ મિટીંગ કરી હતી, ત્યારે રાયખંડ બજારમાં ચંદા પપુ કરીને બેન હતી જે જુના કપડાને સિવીને પહેરવા લાયક બનાવીને વેચવાનો ધંધો કરતી હતી. આવા તો ઘણા બજાર હતા અમદાવાદમાં અને ઘણી બહેનો આ ધંધો કરતી હતી. એક વખતે નારણઘાટ નદી કિનારે મોટી મિટીંગ કરી, ત્યાં કોઇ સ્ટેજ નહોતું, થોડા ઢાળ જેવી જગ્યા ઉપર ઉભા રહીને બહેનોએ તેમના દિલ ઠાલવ્યા. તેમાં બહેનોની સૌથી પીડાદાયક ફરિયાદ હતી સ્થાનિક વ્યાજખોરો પરની. ચંદાબહેન મોટા અવાજે બહેનોને ઉદ્દેશીને બોલતા હતા. ત્યારે, 'ઇન્દિરા ગાંધીએ બેંકોને નેશનલાઇઝ કરી હતી અને બેંકોને કહયું હતું કે, ''ગરીબી હટાઓ, ગરીબી હટાઓ અને ગરીબોને લોન આપો.'' એટલે આપણી ઘણી બહેનો બેંકમાં લોન લેવા જતી હતી, ત્યારે એ બધી બહેનોને માનહાનિ થતાં ઘણા ખરાબ અનુભવો થયા હતા. સાવ ગરીબ લોકો બેંક અંદર આવે સીધા જ ઘાંટા પાડીને પાડીને લોન માંગતા તે બેંકોને પસંદ નહોતું, એટલે બેંકના લોકો જેમ તેમ બોલીને તેમને બહાર કાઢી મૂકતાં. આવા તો ઘણા અપમાનો તેઓને સહન કરવા પડતા. સૌથી વધારે અને મોટી સમસ્યા એ વાતની હતી કે, દરેક ગરીબ અને શ્રમજીવી બહેનોની માથે દેવુ હતું તે!! દેવુ પણ કેવું? રોજના દસ ટકા વ્યાજ. દા.ત. શાકભાજીવાળા જે હોય તે ચાલીમાં જ રહેતા વ્યાજખોર પાસે રોકડા-ઉધાર લેતા. વહેલી સવારે ૫૦ રૂપિયા વ્યાજે લેતા, મોટા બજારમાં જઇને શાકભાજી ખરીદે અને માણેકચોક બજારમાં તેને વેચતાં. રાત્રે બધુ વેચીને જે માંડ કમાણી થઇ હોય તેમાંથી ૫૦ રૂપિયા લીધા હોય તેના એને ૫૫ રૂપિયા કરીને પાછા આપતાં, બોલો! રોજિંદુ ૧૦ ટકા વ્યાજ ભરે! હાથમાં શું બચે તે વિચારો!

નારણઘાટની 'સેવા'ની સભામાં બસ આ જ હોબાળો ચાલ્યો. બસ ત્યારે ચંદાબહેને મને સ્ટેજ પર જ માઇકમાં કહ્યું, ''બેન આપણી જ બેંક બનાવોને!!'' મેં કહ્યું કે, મૂડી એટલી બધી ક્યાંથી લાવીએ? આપણે ગરીબ છીએ. બેંક બનાવવા માટે તો કેટલી બધી મૂડી પૈસો જોઇએ?! મને સામો જવાબ આપ્યો, ''અમે ગરીબ છૈએ પણ છીએ કેટલા બધાં?'' બસ પછી તો ૯ થી ૧૦ મહિનામાં ગરીબ અને શ્રમજીવી બહેનોએ જરૂરી શેર ભંડોળ ભેગું કર્યુ અને આપણે 'સેવા' સહકારી બેંક બનાવવા માટે તૈયાર થયા. આ વાત ૧૯૭૩ની છે અને ૧૯૭૪માં બેંક રજીસ્ટર્ડ થઇ. પૈસા તો આવ્યા પણ એટલું પૂરતુ નહોતુ, સભ્ય કેવી રીતે થવું? શેર હોલ્ડર થયાં પહેલા બેંકમાં રજીસ્ટર્ડ થવું છે અને ૧૧ સભ્યનું સ્થાપક મંડળ બનાવ્યું. હું ડાયરેક્ટર, મને સહી કરતાં આવડતી, પણ બીજા બધા સભ્યોને સહી કરતાં નહોતું આવડતું. બધાં અંગૂઠાછાપ. એટલે રજીસ્ટારે તો ચોખ્ખી ના પાડી દીધી. અમે બધા પાછા આવ્યાને મેં એક સ્લેટ લીધી અને એમાં બહેનોનું પુરું નામ અને ધંધો લખી દરેક બહેનને એમના ગળામાં પહેરાવી દીધી અને તેવા તેમના ફોટા પાડીને લઇને રજીસ્ટાર પાસે ગયા, ત્યારે બેંકવાળા ના કહી ન શકયા. એ જમાનામાં ઇન્દિરા ગાંધી કંઇક નવું નવું કરવા ઇચ્છતા હતાં તેથી આપણી બેંક રજીસ્ટર્ડ થઇ અને આપણી 'સેવા બેંક' બની. 'સેવા'ની તો ઘણી મોટી અનેક વાત છે. 'સેવા' ઊભી કરતાં ઘણી બધી મુસીબતો લડતો વેઠવી પડી છે, પણ દરેક મુસીબત લડવામાં બહુ આનંદ અમે અનુભવતા. આવી શાકભાજી વાળી બેનોની જેવી તો ઘણા બધા ધંધાવાળી, મજુરી કરતી બહેનોનો 'સેવા'માં ખૂબ સાથ રહ્યો છે અને એ જ 'સેવા' છે... આનંદ, સંતોષ, આત્મસન્માન.

બીજી વાત કરું તો જ્યારે મેં વકીલાત પુરી કરી અને 'મજુર મહાજન'માં કામ શરૂ કર્યુ ત્યારે અમદાવાદ શહેરમાં ૬૦ જેટલી ટેક્સટાઇલ મિલ ધમધમાટ ચાલતી હતી. મિલમાં ૩ લાખ મજુરો કામ કરતાં હતાં. મિલ-માલિકો અને કામદારો વચ્ચે ઘણાં પ્રશ્નો આવતાં તેના માટે કાયદો બન્યો હતો જેના માટે મજુર મહાજન લડત આપતું. મિલ મજુરોનું યુનિયન એટલે 'મજુર મહાજન સંઘ' તેની સ્થાપના ગાંધીજી અને અનસૂયાબેન સારાભાઇએ કરી હતી. એક દાખલો કહું છું. શાહપુર વિસ્તારની બે મિલો બંધ થઇને મિલ મજુરો મહાજનના ચોગાનમાં આવીને બેસી રહેતાં લાંબા થઇને. ઘણી વાર મજુરોએ જુલુસ કાઢા, નારા લગાવ્યા અને કોર્ટમાં કેસ ચાલ્યા, ઘણા સમય સુધી આ બધું જ ચાલતુ રહયું. ત્યારે મેં મારા ઉપરી સાહેબને પૂચ્છયું કે, આ મજુર ભાઇઓ બધા અહીં જ પડયા રહ્યાં છે તો એમનું ઘર કેવી રીતે ચાલતું હશે? મારા ઉપરી સાહેબે કહ્યું કે, જાઓ જઇને જોઇ આવોને. પછી શાહપુર વિસ્તારમાં જઇને મેં જોયું તો બધા ઘરો બેનોની કમાણીથી જ ચાલતાં હતાં. નાના નાના કામધંધા દા.ત. ચિંદી કામ. બેનો મિલમાંથી વેસ્ટ નિકળે તે ખરીદીને લાવે તેને છુટી સારા ટુકડા અલગ કરી ધોઇને સાફ કરીદે અને નાની ચિંદી અલગ કરી ધોઇને સુકવીને તેની ખોળો અને રઝાઇના કવર બનાવે અને વેચે. કમાણી કરતાં મજુરી વધારે થતી તોય બેનો હરખે કામ કરતી અને પોતાનું ગુજરાન ચલાવતી. આ બહેનોને સંગઠિત કર્યા એ વખતે રેનાનાબેન નવા નવા આવ્યા હતા અને સર્વે કર્યા, આમ સંગઠન કરતાં ગયા. 'એ વખતે દરિયાપુરમાં બુરખાવાળી બહેનો પેડલ રિક્ષામાં ઝંડો લઇને સ્લોગન બોલતી ઘુમતી કે, 'હમારા વેતન બઢાઓ' ત્યારે મને થયું કે ક્યાંથી આ બેનોમાં આટલી હિંમત આવી ગઇ! હું તો આટલી હિંમત નહોતી આપી શકી. હા પણ, બધા સાથે મળીને કહે તો ચોક્કસ બહાદૂર થાય કેમ કે, એમના મનમાં સચ્ચાઇ હતી

કે અમને જે વેતન મળે છે તે અમારા હકનું છે એ બેનો સમજી ગઇ હતી. નાના ચિંદીના ટુકડામાંથી એક ડઝન ખોળો બનાવે એટલે તેમને ૭ રૂપિયા મળતા! એટલે બધા બહેનોએ સાથે મળીને માંગ કરી તેથી માલિકોને તેમનું વેતન વધાર્યા વિના કોઇ રસ્તો જ ન હતો!! બીજે દિવસે એક રૂપિયો અને પચ્ચાસ પૈસા ભાવ વધાર્યો. પણ, માલિકોએ આપ્યો નહી હોં!

શરૂનાં સંઘર્ષોનો આ પણ એક અનુભવ હતો આપણા માટે. આટલુ કરવા છતાં પણ આપણા હકનું આપણને નથી મળતું એટલે આપણે આપણી સંગઠન શક્તિ વધારીએ. પછી સાથે મળીને લેબર કમિશ્નરની ઑફિસે ગયા અને આપણો કેસ લખાવ્યો, પણ ત્યારે આના માટે કોઇ કાયદો નહોતો એટલે કેસ કેવી રીતે લખાવવો? આમના માટે કોઇ સુરક્ષા નહોતી ના કોઇ હકદાવો કરી શકતા. દેશની વસ્તી-ગણતરી થાય તેમાં માથા ગણાય પણ એમના કામમાં 'કામદાર' નથી એવું લખાતું. એ વખતે મેં જાણ્યું હતું કે, ૯૦ ટકા અસંગઠિત વર્ગના કામદારોમાં ૫૦ ટકા બહેનોના કામની કોઇ જ ગણતરી નહી. આવું તે કેમ ચાલે? એમના માટે કોઇ પોલીસી કે કોઇ તો કાયદા-કાનૂન બનાવવા જોઇએ. રક્ષણ તો મળવું જોઇએ ને! પોલીસી બનાવવા વાળાને ક્યાં ખબર છે કે ગરીબી શું છે? ગરીબ કેવા છે? કેવી રીતે એમનું જીવન જીવે છે? આવું કંઇક દેખાય, ક્યાંક લખાય તો ખબર પડે ને! આવા તો કેટલાય ધંધા-કામદારો છે જે અદૃશ્ય છે. આના માટે બહેનો જુલુસ કાઢે કે નારાબાજી કરે તો શું થાય? દીવાલ સાથે માથું ફોડયાં જેવું થાય!!

આમ 'સેવા' બનાવવાના અનુભવની વાત કરતાં ઇલાબહેન વળી સેવા બેંકની યાદો ને તાજા કરતાં કહે, એક વાર 'સેવા'બેંકમાં બેઠી હતી અને ઘણી બહેનોને લોન આપી હતી તે હું જોતી હતી, કેટલી લોન આપી અને કેટલી બાકી છે. જેમાં, ઘણી બહેનોએ સમયસર લોન ભરપાઇ કરી દીધી છે અને ૫૦ જેટલી બહેનોએ હપ્તા ભર્યા જ નથી. મેં લોન કમિટીમાં જાણ્યું કે જ્યારે બહેનોએ લોન લીધી ત્યારે બહેનો એકદમ સ્વસ્થ હતી તો શું થયું છે જેથી આ બેનોએ લોન નથી ભરી. ત્યારે તપાસ કરાવી તો ખબર પડી કે ૨૨ બહેનો ગુજરી ગઇ હતી. મને આશ્ચર્ય થયું કે એવું તે શું થયું ? એનું કારણ જાણ્યું તો એ બેનો પ્રસુતિમાં મરણ પામી હતી. આવી સ્થિતિમાં ગરીબ બહેનો જે જવાન હોય કામ-કાજ કરતી હોય, આટલી નાની ઉંમરમાં મરણ પામે. ઘરમાં સાચવવા વાળુ ના હોય કે ના પોષણયુક્ત આહાર મળતો હોય. આથી આપણે પ્રસુતિ સહાય યોજના બનાવી. બાળકોના ઘોડિયાઘર ખોલ્યા. માટે હું એજ સમજાવવા માંગુ છું કે, પહેલા યુનિયન બનાવ્યું એમાંથી સહકારી મંડળીનો ઉદ્‌ભવ થયો અને પછી આગળ ચાલતાં ચાલતાં જુદી જુદી યોજનાઓ બનાવી. એટલે કૉ-ઓપરેટીવમાં ઘણો દમ છે, એને જે સારી રીતે ચલાવે તો યુનિયનથી સહકારીતામાં વધારે મજબૂતી છે. આ મારો પોતાનો એક અનુભવ છે. સંગઠન પણ જોઇએ અને મંડળીઓ પણ જોઇએ. ગરીબીમાંથી ઉપર આવવા માટે મુખ્ય પ્રવાહમાં આપણી તાકાતથી કંઇક બદલાવ લાવીશું અથવા કોઇ નવી પોલીસી લાવીશું, નવો કાયદો લાવીશું. સંઘબળ અને આપણા મૂલ્યોને જાળવી રાખીને સત્યને વળગી રહીને કામ કરીશું તો જરૂરથી આપણે કાયમ સફળતા મેળવીશું.

'સેવા'ના જુના સાથીમાંના એક ઉષાબહેન જુમાની. પોતે પી.એચ.ડી થયેલા છે. મેનેજમેન્ટ વિષયના નિષ્ણાંત. 'સેવા'ના મુશ્કેલ સમયમાં ઘણી મદદ કરી છે. જ્યારે સેવાબેંક બનાવવામાં ખૂબ તકલીફ પડી હતી એ વખતે ઉષાબહેને બેંકને સદ્ધર કરી હતી. આજના ખુશીના દિવસે પધાર્યા છે સામે ખુરશીમાં બેઠેલા ઉષાબહેન મીઠું મીઠું સ્મિત આપી રહ્યાં હતાં.

'સેવા'ના કામમાં હાલતા ને ચાલતા પોલીસનો સામનો વધારે કરવો પડે છે. વેચનારાને કનડગત હોય ત્યારે, કોઇ ગરીબને તેના માલિક કે કોન્ટ્રાક્ટર જો હેરાન પરેશાન કરતો હોય, કે કોઇ કેસ થયો હોય ત્યારે લેબર ઑફિસમાં જવાનું થાય ને આ ફોર્મ ભરો ને પેલુ ફોર્મ ભરો અને કોર્ટના દોડા પણ એટલા જ અને વકિલો અને તેના ગુમાસ્તો પાસે જવાનું ને નિત નવા કામ આવે.

પોલીસી મેકરો જે કાયદો બનાવે છે, કાયદાનો ઉપયોગ કરે છે અને લોકશાહી ચલાવે છે અને જે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે બધા સાથે મળીને દુનિયાના વિકાસ માટે નવી નવી સ્ટ્રેટેજી બનાવે છે, મોટા મોટા સંશોધનો કરે છે ત્યાં કોઇ ગરીબને ઓળખતું નથી કે ના તો એમની કોઇ ગણતરી છે!! ત્યારે 'સેવા' ગરીબ અને શ્રમજીવીઓની સંસ્થા છે તેણે સંગઠનમાં રહીને એક સ્તરે જ નથી લડવાનું પણ ત્રણેય સ્તરે લડત આપવી પડશે. દરેકે આ ત્રણેય સ્તરની જાણકારી અને સમજ રાખવી ખૂબ જરૂરી છે. એટલા માટે શ્રમજીવી બહેનો, ભણેલ-ગણેલ વર્ગ હિંમત અને લગનથી પોતાની આગવી ઓળખ ઊભી કરી શકે એવી તાકાત મેળવીએ એવું તૈયાર થવું પડશે!!

જ્યારે આપણે ૧૦૦ વર્ષની વાત કરીએ છીએ ત્યારે આપણે સૌએ એવું સંગઠન બળ, લગનથી આપણા મૂલ્યો અને સચ્ચાઇને જાળવી રાખીને આગળ ચાલીશું અને ૧૦૦ વર્ષ જરૂર પુરા કરીશું.

ઇલાબહેનની 'સેવા' વિશે રેનાનાબહેને પોતાના અનુભવો યાદ કર્યા અને કહ્યું, 'સેવા'એ બહેનોનું સંગઠન છે. આજે 'સેવા' ૫૦

વર્ષે કેવી રીતે પહોંચી તેની વાત ઈલાબહેને કરી. સંગઠનનો શું અર્થ ? સંગઠનનો અર્થ એ કે, શ્રમજીવી બહેનો પોતાના કામકાજથી પોતાનું ઘર ચલાવે છે તેઓ એકજૂટ થાય!! એકજૂટ એટલે કે એ હિંદુ, મુસ્લીમ, ક્રિશ્ચિયન, શીખ હોય એ સૌ એ ના જુએ કે આ મારો ધર્મ છે, નાત-જાત ના જુએ એ જુએ કે, એ માત્ર આપણે આ 'સંગઠન'નો એક ભાગ છીએ, એ મૂલ્ય રાખે. એ જરૂર જાણે છે કે પોત-પોતાના ઘરે જાય એટલે એ વાતો બધી શરૂ થઇ જતી હોય છે. પણ, એક વાત જરૂર યાદ રાખો કે, જ્યારે તમે 'સેવા' સંગઠનમાં છો, તો પોતાના ઘરવાળાને સમજાઓ કે, સંગઠનમાં આ બધી વાતો નથી હોતી. આપણે જો આગળ વધવાનું હોય તો આ બધી વાતોને છોડી દેવી જોઇએ! આ એક વાત છે અને બીજી વાત કે, ઈલાબહેને કહ્યું કે, 'સેવા'ની શરૂઆત અમદાવાદથી થઇ અને ગાંધીજીએ કેટ-કેટલી સંસ્થાઓ બનાવી છે. જેના ૧૦૦ વર્ષ થઇ ગયા છે તે, પણ તેના મૂલ્યોથી.

૫૦ વર્ષમાં આપણે આગળ વધ્યા છીએ એ પણ આજ મૂલ્યોને હાથધરીને! એક વાત એ પણ છે કે, ગુજરાતમાં અમદાવાદના 'સેવા'નું કામ શરૂ થયું હતું, અને આજે આપણે આ ભવનમાં ૧૮ રાજ્યોની બહેનો સાથે બેઠા છીએ. પહેલા કામ કરતાં હતાં એમાં ઈલાબહેને બતાવ્યું કે, ''આપણું કામ માત્ર સંગઠિત કરવાનું જ નથી, સંઘર્ષ કરીને બહેનોના જીવનમાં બદલાવ લાવવાનું પણ છે. આ વાત સરકારમાં લઇ જઇએ, મુખ્ય પ્રવાહમાં લઇ જઇને લોકોનો દષ્ટીકોણ અને વિચારધારા બદલીએ એ છે. એ વખતે જતા ત્યારે લોકો કહેતા કે, આ તો ગુજરાતમાં અમદાવાદની બહેનો કરી શકશે પણ, બીજા રાજ્યોમાં નહી થઇ શકે. ત્યારે ઈલાબહેનના મનમાં એ જ હતું કે બહેનો તો બહેનો જ છે ને!! કામ તો કામ જ છે!! અહીંયા બહેનો બીડી બનાવે છે તો મધ્યપ્રદેશમાં પણ બનાવે છે અને વેસ્ટ-બંગાળમાં પણ. એમાં જુદુ શું છે? ઈલાબહેનને કાયમ એવું જ લાગતું હતું કે, જો આપણે બહેનોને સંગઠિત કરવા છે તો માત્ર અમદાવાદ કે ગુજરાતમાં જ કેમ? દેશમાં કેમ નહી ? અરે માત્ર દેશ કેમ ? પુરી દુનિયામાં કેમ ના કરીએ? આ વિશાળ વિચાર હતો જે આજે સાકાર થયો છે.

સંગઠન કંઇ એક દિવસમાં નથી બનતું, હમણાં આપણે ૨૧ લાખે પહોંચ્યા છીએ અને ૪૦ લાખની વાત કરીએ છીએ, ક્યાં સુધી પહોંચ્યા છીએ એ પણ વિચારીએ! શહેર, રાજ્ય, દેશ અને હવે તો વિદેશમાં પણ 'સેવા' એટલી જ ફેલાવા લાગી છે.

હું એ જણાવીશ કે, ઈલાબહેને 'સેવા'ની શરૂઆત અમદાવાદથી કરી, ગુજરાતના ગામડામાં ગયા, ત્યાંથી બીજા વિસ્તારોમાં ગયા એમાં ઘણો સમય લાગ્યો. ગાંધીજી હતાં ત્યારે અને એમના ગયા પછી એક ગાંધી શાંતિપ્રતિષ્ઠાન બનાવ્યું, એના પ્રમુખ રાધાકૃષ્ણજી હતાં તેમને ઈલાબહેનને મળ્યાં હતા. એમને કહયું કે, તમે ગાંધી વિચારો પર કામ કરો છો અને અમે પણ ગાંધી વિચાર ઉપર જ કામ કરીએ છીએ. અમે જોયું છે કે 'સેવા'માં બહેનો ભેગા મળે છે ત્યારે એમને એક શક્તિ મળે છે, એ આગળ વધે છે, એમને રોજગારી મળે છે એમના મનમાં આઝાદીની ભાવના આવી જાય છે. આજે અમે જ્યાં ગાંધી શાંતિપ્રતિષ્ઠાનમાં કામ કરીએ છીએ ત્યાં તમે આવો. ઈલાબહેનને એ વિચાર સારો લાગ્યો. અમારી ટીમ તૈયાર કરી અને એનું એક નામ આપ્યું '(સ્પીઅરહેટ ટીમ) ભાલા જેવી મજબૂત ટીમ' મોકલી આપી. એમાં હું, નીરૂબહેન, રંજનબહેન અને એક ડ્રાઇવરભાઇ હરીશભાઇ આ બધા હાલ હયાત નથી. અમે સાથે ક્યારેક કર્ણાટક, બિહાર, દિલ્હી, કલકત્તા, કાશ્મીર જેવા રાજ્યોમાં અમને મોકલ્યા. ત્યાં અમે અલગ અલગ જગ્યાઓમાં જોયું કે, બિહારમાં બહેનો ભરતકામ કરતી, જમસેદપુરમાં બહેનો જંગલમાં જઇને પત્તા તોડી લાવતી હતી, જેવું અહીયા બેનો કામ કરે છે તેવી રીતે ત્યાં પણ બહેનો કામ કરે છે. બે વર્ષની અંદર ૮ રાજ્યોમાં જેવા કે બિહારમાં જમસેદપુર, ભાગલપુર, મુંગેર, મધુવન, જમ્મુ, કાશ્મીર, દિલ્હી, હરિયાણા, આવી રીતે 'સેવા' બની. પણ આપણી વાત કેન્દ્રમાં લઇ જવાની હતી. ત્યાં દેવકીબેન જૈન કરીને બેન મળ્યા હતા, જેમને આપણને ઘણી મદદ કરી છે. દિલ્હીમાં સેવા બનાવવા માટે જગ્યા પણ આપી હતી જ્યાં ઓફિસ બનાવી. ત્યાં મંજુબેનને રાખ્યા જે ઓફિસ સંભાળતા અને આપણી બહેનોએ બનાવેલા ભરત કારીગરી અને હાથકામથી તૈયાર કરેલા કપડાના પ્રદર્શનો કરતાં અને આવી રીતે 'સેવા' આગળ વધી. આટલું પૂરતું ન હતું. વળી, આપણે જાણ્યું કે લોકો 'સેવા'ને કેમ પસંદ કરે છે ? બહેનો સાંભળતી હતી, સરકારમાં બેઠેલા લોકો છે, નીતિ ઘડનારા છે તેમને 'સેવા' વિશે સાંભળતા હતા ત્યારે એમને શું સારું લાગતું હતુ? તો, એનો પણ જવાબ મળ્યો કે રોજગાર વધે છે, બહેનો સાથે મળીને એકજૂટ થાય છે, બહેનોની શક્તિ વધે છે અને આથી બહેનો પોતાને આઝાદ માને છે. એટલે એ બીજા બધાને કહેવા લાગ્યા. એમાંથી મનોરમાબહેને સાંભળ્યું અને સાથે તેમના જેઠ પ્રભાસજી પણ હતા જેઓ મોટા પત્રકાર હતા. જેઓ ઈલાબહેનને મળ્યાં. ઈલાબહેનની 'સેવા'ની જે વાત છે, એ કેવી રીતે ફેલાય છે તે પણ એક રસપ્રદ વાત છે!!

પ્રભાસજીએ 'સેવા'ની વાત સાંભળી, તેમને પણ કહયું કે આ બહુ સારી વાત છે. આપણે પણ 'સેવા' સાથે જોડાવવું જોઇએ. ધીરે ધીરે મધ્યપ્રદેશમાં 'સેવા' બની. મનોરમાબહેનનું પુરું કુટુંબ 'સેવા' સાથે જોડાઇ ગયું. શરૂઆતમાં મનોરમાબહેનને ઈલાબહેને કહયું કે, તમે કામદારોનો સર્વે કરો. ત્યારે પહેલીવાર તેમને સર્વે કર્યો અને સંગઠન બનાવ્યું. 'સેવા'ની વાત તો ફેલાતી ગઇ તે કેરળ સુધી પહોંચી

ગઇ. ત્યારે મીલોની ચળવળ વધારે ચાલતી, એટલે ગરીબ શ્રમીકો સુધી 'સેવા'ની વાત નહોતી પહોંચી. ત્યાં મહિલાઓની ચળવળ ચાલતી હતી તેમાં 'સેવા'ની વાત નલીનીબહેને સાંભળી. નલીનીબહેન માછીમારો સાથે કામ કરતાં હતાં ત્યારે માછીમારોમાં બહેનોને વધારે જોડવાની કોશિશ કરતાં હતા. ત્યારે એમને જે 'સેવા'ની વાત સાંભળી હતી તે યાદ આવતાં એમને અમદાવાદમાં ઇલાબહેને મળ્યા અને કેરળમાં પણ 'સેવા' બનાવી.

બીડીકામદારો ગુજરાતમાં છે, મધ્યપ્રદેશમાં છે ત્યાર પછી સર્વે કરવા માટે બંગાળમાં ગયા. ત્યાં મુર્શીદાબાદમાં બીડીકામદારો વધારે હતા તેમનો સર્વે કર્યો અને વેસ્ટ બંગાળમાં મોબીતાબહેને 'સેવા' શરૂ કરી. ત્યાંથી આગળ ચાલ્યાને નાગાલેન્ડ પહોંચ્યા. ધીરે ધીરે આગળ કાશ્મીર પહોંચ્યા. વાત કેવી રીતે ફેલાઇ એ આપણે કહી (સ્પીએરહેટ) મજબૂત ટીમ દ્વારા. હજુ પણ સ્પીએરહેટ ટીમ જાય છે, જુએ છે, લોકોને મળીને સંગઠન શરૂ કરે છે. બીજી બાજુ વાત ફેલાઇ પત્રકાર દ્વારા, સરકાર દ્વારા અને લોકો દ્વારા. સરકારે પણ ઘણી વાર બોલાવ્યા છે આપણને હમણા પંજાબમાં અને ઉત્તરાખંડમાં પણ બોલાવ્યા અને ત્યાં 'સેવા'નું કામ શરૂ કર્યું. બહેનો બહેનો વાત કરીને જોડાય અને આ જોડાણ કાયમ રહે તેવા કામો કરે અને આપણો સંદેશ 'પૂર્ણ રોજગાર' જેનો અર્થ કે લોકોને પૂરો રોજગાર મળતો રહેવો જોઇએ અને જે બહેનોનો રોજગાર છે તેમાં માત્ર 'રોજગાર' નહીં પણ 'બાળકોની સંભાળ', 'પોતાનું સ્વાસ્થ્ય', 'પોતાનું ઘર' જોડાયેલું છે. એટલે આપણે આપણો સંદેશો એકદમ સ્પષ્ટ રાખવો અને આ વાત આપણા સૌના માટે મહત્વની છે. આપણો સંદેશ કાયમ સ્પષ્ટ રહે કોઇ ગૂંચવણ ના ઉભી થાય તેનું ધ્યાન રાખીએ. આવી રીતે 'સેવા'ની વાત ફેલાય છે.

જ્યારે લોકો આનો પ્રયોગ કરે છે ત્યારે એમાંથી બહાર આવે છે કે, એમાંથી શક્તિ બહાર આવે છે બહેનોને એવું લાગે છે કે સંગઠન બને છે અને સાથે હોય છે ત્યારે એક અલગ આઝાદીનો અનુભવ થાય છે. જેમ, આજે અહીંયા અલગ-અલગ રાજ્યોની બહેનો મળ્યાને કેવા મન મૂકીને નાચગાન કરવા લાગ્યા તેમ!!

'સેવા' ઘણા લોકો આવ્યા હશે અને આવે છે, તેમાં સાઉથ આફ્રિકાથી એક બેન આવેલા. એમને 'સેવા'ની વાત ત્યાં સાંભળી હતી, તેમને કહયું કે હું પણ 'સેવા'ની વાત સમજવા માંગુ છું, કેમ કે આમારા દેશમાં પણ શ્રમિક બહેનો ઘણી બધી છે. બરાબર મે મહિનાની ગરમીમાં આવેલા અને ખરો તાપ વેઠીને બધુ કામ જોયું. ત્યાર પછી અમને કહ્યું કે તમે ત્યાં આવો. અહીયાથી ટીમ સાઉથ આફ્રિકા ગઇ અને ત્યાં 'સેવા' શરૂ કરી. આવી રીતે આપણી વાત, આપણું કામ અને આપણા મૂલ્યો છે જે ઘણા શક્તિશાળી છે જેને કાયમ સાથે રાખીને ચાલીશું.

એક વાત ખાસ આજના દિવસે જણાવવા માંગુ છું કે, આપણે રાષ્ટ્રીય કેવી રીતે બન્યા ? આપણે ૧૯૮૩-૮૪માં ઘણા બધા રાજ્યોમાં ગયા હતા, ત્યારે ઇલાબહેનનો પ્રશ્ન હતો કે, આપણે હવે એક કેવી રીતે થઇશું? એમાંથી 'સેવા ભારત' બન્યું જેની મેં વાત કરી. આપણુ યુનિયન જે છે તેનું રજીસ્ટ્રેશન થયું છે તે અમદાવાદમાં થયું છે. 'સેવા' તો ઘણી મોટી થઇ ગઇ છે, આને રાષ્ટ્રીય કેવી રીતે બનાવવું? તો આપણે સરકારને કીધું કે, ''આપણે પણ રાષ્ટ્રીય યુનિયન છીએ.'' તો સરકારે કહ્યું કે રાષ્ટ્રીય યુનિયન નથી એમે તમને નહીં બોલાવીએ. ત્યાર પછી આપણે સરકારમાં ગયા, ત્યાં રાષ્ટ્રીય યુનિયનની મિટીંગ ચાલતી હતી. ત્યાં ધરણાં કર્યા, ત્યાં પોલીસ આવી અને ઉપાડીને લઇ ગયા. બીજા દિવસે ફરી જઇને બેસી ગયા ત્યાં. ફરી ફરી કોશિશ કરતાં રહ્યાં. ત્યારે સરકારે કહ્યું કે તમારી પાસે આટલા સભ્યો, આટલા રાજ્યો હોવા જોઇએ, તો આપણે કહ્યું છે. સરકારે નોટિસ આપી કે તમે પાંચ રાજ્યોમાં રજીસ્ટર્ડ હોવા જોઇએ. જે આપણે રજીસ્ટર્ડ ન હતા. ત્યાર બાદ આપણે હાઇકોર્ટમાં ગયા અને આપણે જીત્યાં અને રાષ્ટ્રીય યુનિયન બન્યું અને આજે તમે બધા અહી આવ્યા છો તે રાષ્ટ્રીય યુનિયનના હકથી આવ્યા છો. 'સેવા'એ કેવી કેવી લડત સાથે સંઘર્ષ વેઠયાં છે, એ ચાહે કોર્ટની લડત હોય, ધરણાંની લડત હોય કે લોકોને સમજાવવાની લડત હોય. આ બધું તમારે બધાને સમજવાની ખૂબ જરૂર છે.

ઇલાબહેને કહ્યું કે, આપણે ૫૦ વર્ષ ઉજવ્યા હવે, આગળ શતાબ્દી પણ ઉજવીશું. ફૂલી-ફલીને ૫૦ વર્ષમાં આપણે ક્યાંથી ક્યાં પહોંચ્યા છીએ એની કલ્પના પણ નથી કરી શકતાં પણ, આપણે વિચારીશું કે આપણા દેશની દરેક મહિલા, મોહલ્લે, શહેરે કે ગામડાઓમાં આપણી 'સેવા'ની વાત કરે, ત્યારે સંગઠન બને છે આ સંગઠન વધુ મજબૂત બનતું જાય એવા વિચારો સાથે આગળ ચાલીશું સ્વરાજ મેળવીશું, તો જરૂરથી શતાબ્દી ઉજવીશું, સ્વચ્છ આકાશ કરીશું, સ્વરાજ ભેગવીશું.

**- ગોમતી**

*

# ફોટો ગેલેરી



વડ રોપતાં ઈલાબહેન અને મધ્યપ્રદેશ સેવાના સ્થાપક મનોરમાબેન




'સેવા'ના પ્રતિક વડલાની રંગીન રંગોળી



ઈલાબહેનને આવકાર



'સેવા'ના પ્રતિનિધિઓનું રજિસ્ટ્રેશન



ઈલાબહેનને આવકારતા પ્રતિનિધિઓ




પ્રાર્થનાથી શરૂઆત



પ્રાર્થનામાં તલ્લીન




પ્રાર્થનામાં તન્મય




રાષ્ટ્રીય ‘સેવા’ના પ્રધાનમંત્રી જ્યોતિબહેનનું સંબોધન



આનંદ સાથે વિઝનને વાગોળતા રાષ્ટ્રીય ‘સેવા’ના પ્રધાનમંત્રી જ્યોતિબહેન




૫૦ની સફરની ખાટીમીઠી વાતો વાગોળતા રેનાનાબહેન, ઈલાબહેન, જ્યોતિબહેન



પ્રતિનિધિઓને ઈલાબહેનનું સંબોધન



'સેવા'ના ઈતિહાસને વાગોળતા રેનાનાબહેન



૫૦ વર્ષનો આનંદ પીતા...




૧૮ રાજ્યોના 'સેવા'ના પ્રતિનિધિઓ




'સેવા' શતાબ્દી કી રાહમેં...



સંગઠન એકતાના ગીતો 'સેવા' મધ્યપ્રદેશની સાંસ્કૃતિક ટીમ દ્વારા



'સેવા' દિલ્હી ના આજ દિન સુધીના પ્રમુખો અને પ્રતિનિધીઓ



જોશીલા 'સેવા' મધ્ય પ્રદેશના પ્રતિનિધીઓ



લેહ-લડાખના પ્રતિનિધિ સોનમબહેન ગંભીર મુદ્દા સમજતા



'સેવા' બિહારના પ્રતિનિધીની રજૂઆત



જમવાનો લુત્ફ માણતાં પ્રતિનિધિઓ



સેવા' જમ્મુ-કાશ્મીરના પ્રતિનિધિઓ



'સેવા' કેરલના સ્થાપક નલીનીબહેન એકચિત્ત...




"હમ સબ એક હૈ"- ૧૪ ભાષામાં



રાષ્ટ્રીય સંગઠનના પ્રધાનમંત્રી જ્યોતિબહેનના હસ્તે "હમ સબ એક હૈ" સ્વીકારતા મિહિરભાઈ



કાર્યક્રમનું સંચાલન કરતાં મનાલીબહેન




‘સેવા’ બિહાર, ‘સેવા’ કેરલના પ્રધાનમંત્રી




'સેવા' કેરલ - 'સેવા' દિલ્હીના પ્રધાનમંત્રી



સવાલો તો હોય જ ને!




લર્ન મહિલા કામગાર - મહારાષ્ટ્રના સંગઠનના પ્રધાનમંત્રી ફાતિમાબહેન - 'સેવા' ઉત્તરાખંડના પ્રધાનમંત્રી રીનાબહેન




આનંદિત 'સેવા' કેરલના પ્રતિનિધિઓ




રંગીલું રાજસ્થાન




૧૮ રાજ્યોને 'સેવા'ની પરંપરાગત પહેરવેશમાં 'સેવા'ના પ્રતિનિધિઓ




કાર્યક્રમ સંચાલક મનાલીબહેન અને 'સેવા' નાગાલેન્ડના પ્રધાનમંત્રી અત્સોલેબહેન




'સેવા' નાગાલેન્ડ - 'સેવા' રાજસ્થાનના પ્રધાનમંત્રી



રાષ્ટ્રીય 'સેવા'ના પ્રમુખોને 'સેવા'ના વડલાની કોતરણી સાથે આંટી પહેરાવી સન્માનિત કર્યા






'સેવા' ના આજ દિન સુધીના પ્રમુખોનું સન્માન કરતો વડલાની પ્રતિકૃતિવાળો 'સેવા'નો મેડલ



'સેવા'ના લેટરહેડની નવી ડિઝાઇનનું અનાવરણ



'સેવા' બંગાળની રજૂઆત




'સેવા' ઝારખંડ, 'સેવા'પંજાબ અને 'સેવા' ઓરિસ્સાના પ્રતિનિધિઓ



૫૦ વર્ષની ઉજવણીનો આનંદ માણતા...




'સેવા' આસામ અને 'સેવા' બંગાળના પ્રતિનિધિ




જોશીલા પ્રતિનિધિઓ




'સેવા' લેહ-લદાખ અને 'સેવા' મેઘાલયના પ્રતિનિધિ




'સેવા' મેઘાલય - 'સેવા' કાશ્મીરના પ્રતિનિધિ




'સેવા' ઉત્તરપ્રદેશ - 'સેવા' મધ્યપ્રદેશના પ્રધાનમંત્રી




સૌ 'સેવા'ના પ્રધાનમંત્રીઓ સાથે 'સેવા'ના રાષ્ટ્રીય પ્રધાનમંત્રી




"હમ સબ એક હૈ"




'સેવા' હંમેશા અખંડ રહે...

૫૦ વર્ષની ઉજવણી કરતાં સૌ બહેનોએ સાથે મળીને ‘કમલા’ કાફે દ્વારા બનાવેલ સરસ મજાની ગુજરાતી ભોજનની રંગત સાથે ભરપેટ જમ્યા બાદ ફરી ‘હમ સબ એક હૈ’’ના નારા સાથે મનાલીબહેને મિટીંગ આગળ ધપાવી. ત્યારબાદ ‘સેવા’ મધ્યપ્રદેશના પ્રધાનમંત્રી શિખાબહેન જોશી કહે, ૩ મિનીટમાં ઇતિહાસ કહેવો બહુ અઘરું છે. રેનાબેને જે કહ્યું તેમાં અમારો ઇતિહાસ આવી જાય છે. મારી મમ્મી જેને મોનોરમાબેન તરીકે બધા ઓળખે છે. હું ૧૫ વર્ષની હતી, બીડીનો સર્વે ૧૯૮૫માં શરુ કર્યો, મમ્મી જ્યારે ઘરેથી બહાર સર્વે માટે જતી હતી તો મને પણ ઘણી વાતો યાદ છે. જ્યારે એનું રજીસ્ટ્રેશન કરવાનું હતું ત્યારના પડકારો કહેવા માંગુ છું. શ્રમ વિભાગના અધિકારી હતાં તેમણે કહ્યું, ‘સ્વાશ્રયી મહિલા સેવા સંઘ’ એટલે શું ? તમારે જો બનાવવું હોય તો બીડી શ્રમિક સંઘ બનાવો. ત્યારે મનોરમાબહેને કહ્યું કે, તમને નથી ખબર કે ગુજરાતમાં ઇલાબહેને ‘સ્વાશ્રયી મહિલા સેવા સંઘ’ના નામથી રજીસ્ટ્રેશન કરાવ્યું છે ? ત્યારે મમ્મીએ ‘સેવા’ની રજીસ્ટ્રેશન કોપી મંગાવીને અધિકારીઓને બતાવી. અને મધ્યપ્રદેશમાં પણ ‘સ્વાશ્રયી મહિલા સેવા સંઘ’ના નામથી ૧૯૮૮માં રજીસ્ટ્રેશન થયું. ત્યારે એનું નામ ઇન્દોર હતું, પરંતુ સંગઠન વધતું ગયું અને ૨૦૦૨માં બદલાવ લાવ્યા અને ‘સ્વાશ્રયી મહિલા સેવા સંઘ’ મધ્યપ્રદેશ કરવામાં આવ્યું.

આજે એક યાદને તાજા કરવા માંગુ છું ઇતિહાસમાં, વર્ષ ૧૯૯૦માં જ્યારે બીડી કામદાર બહેનોને સંમેલનમાં બોલાવતા હતા ત્યારે, બહેનોને ઘણી તકલીફો પડતી હતી, બીડી માટે કાચો માલ નહોતો મળતો, ન્યુનત્તમ વેતન નથી મળતું, ઓળખ કાર્ડ નથી આપતા. પરંતુ જ્યારે શ્રમ વિભાગના અધિકારી આવે ત્યારે બહેનો એકદમ ચુપ થઈ જાય. મનોરમાબહેને આ બધાનું કારણ જાણ્યું તો ખબર પડી કે, જેટલી બીડી કામદાર બહેનો છે તેમને પોતાના જીવનની જરૂરિયાત માટે ઠેકેદાર પાસે ઉધાર પૈસા લેવા પડે છે. જ્યારે પણ, શ્રમ વિભાગ સામે બોલવાનું થાય તો બહેનો ચૂપ થઇ જતી કેમ કે, જો તેઓ કંઇક કહેશે તો ઠેકેદાર પાસેથી ઉધાર નહીં મળે, અને ઉધાર નહી મળે તો તેમનું જીવન કેવી રીતે ચાલશે? તેથી કોઈ બોલે નહી. ૧૯૯૦માં કોઓપરેટીવ મંડળી બની અને બહેનોએ ૨ -૨ રૂપિયાની બચત કરવાનું શરું કર્યું અને મંડળી દ્વારા બહેનોને ૨૦૦ -૨૦૦ રૂપિયા ઉધાર મળવાના ચાલુ થયાં ત્યારે, બહેનોએ બીડીના ઠેકેદારોના વિરુદ્ધમાં મિટીંગમાં અવાજ ઉઠાવ્યો અને પોતાના હક મેળવ્યા. તો આ છે સંગઠન શક્તિ!

આ છે ‘સેવા’નો ઇતિહાસ. મધ્યપ્રદેશની જે ૨૦૦ બહેનોથી શરું કરેલું સંગઠન આજે, સાડા ૬ લાખ બહેનોનું સંગઠન છે. ૩૮ વર્ષ પૂરાં થશે ૧ મે ના રોજ, કોઓપરેટીવ બનાવી હતી, હવે બેંક બનવાને ખૂબ નજીક છીએ મધ્યપ્રદેશમાં. આપણી કોઓપરેટીવને સરકારના ગ્ઝ્ઢઝ દ્વારા બે વખત ‘બેસ્ટ કોઓપરેટીવ’ તરીકેનો એવોર્ડ આપવામાં આવ્યો છે. મારું સદ્ભાગ્ય છે કે, હું આજે અહીં ઉભી રહીને વાત કરું છું, પહેલી વાર હું ઈલાબહેન અને રેનાનાબહેન મળી ત્યારે ધોરણ૧૧માં ભણતી હતી. અત્યારે અહીં છું ખૂબ ગર્વ અનુભવુ છું કે, આ ‘સેવા’ સંગઠન સાથે જોડાયેલી છું. હું આશા રાખું છું અને જેમ, ઇલાબહેને કહ્યું તેમ આપણે શતાબ્દી ચોક્કસથી ઉજવીશું. પરંતુ ઈલાબહેનને હું વાયદો કરું છું કે, ‘સેવા’ની આ ચળવળ આગળને આગળ ચાલતી રહેશે ૧૦૦ વર્ષ પૂરા કરશે. આજે અહીં સ્ટેજ ઉપર હું મારા પિતા સુભાષજી જેઓ આપણી વચ્ચે નથી રહ્યાં તેમને યાદ કરું છું. તેમનો ઘણો સાથ-સહકાર રહ્યો છે ‘સેવા’ મધ્ય પ્રદેશમાં. બધાને મારા નમસ્તે, આભાર.

‘સેવા’ ઉત્તરપ્રદેશના પ્રધાનમંત્રી ફરીદાબહેન જલીસે ‘સેવા’ ઉત્તરપ્રદેશના ઇતિહાસ વિશે જણાવતા કહ્યું કે, ‘સેવા’ ઉત્તરપ્રદેશનું પુરું નામ ‘સેલ્ફ એમ્પ્લોઇડ વુમન યુનિયન’ ‘‘સેવુ’’ છે જેનું રજીસ્ટ્રેશન ૨૦૦૧માં થયું. વર્ષ ૧૯૮૦માં મારો અભ્યાસ પૂરો કરીને માસ્ટર કરી રહી હતી, ત્યારે ‘યુનિસેફ’નું કામ ચાલતું હતું, એમાં હું જોડાયેલી હતી. એના દ્વારા અમારે અમદાવાદ એક્સપોઝરમાં આવવાનું થયું. અહીં ‘સેવા’ વર્કશોપ એક્સપોઝર માટે ૩ અઠવાડિયા સાબરમતી આશ્રમમાં રહેવાનું થયું. જેમાં ઈલાબહેન, રેનાનાબહેન, મનાલીબેન અને બીજા રાજ્યોના પ્રમુખ-મંત્રીઓને પણ સાંભળ્યા હતા. મારી ઉંમર નાની હતી, ત્યારે યુ.પી.માં ખાસ કંઈ હતું નહીં, પણ મારા મનમાં આવી એક એવો જોશ આવી ગયો કે મારે પણ કંઇક કરવું છે. આપણા યુ.પી.માં પણ ‘સેવા’ જેવું કશું હોવું જોઈએ પરંતુ કંઇ કરી શકી નહીં. મારી ઉંમર નાની અને અનુભવ પણ ન હતા. યુ.પી.માં પણ કામદારબહેનોના ઘણાં પ્રશ્નો હતા. પરંતુ, જ્યારે ઇલાબહેને લખનૌમાં બહેનો સાથે મિટીંગ કરી જેમાં ચિકન કારીગરી અને જરદોશીવર્કની કામદાર બહેનો આવી અને સૌએ પોતા-પોતાની સમસ્યાઓની રજૂઆત કરી. જેમાં જાણ્યું કે જરદોશી વર્કની કામદાર બહેનો ઘણી છે પરંતુ, એમને ઘણો અન્યાય થાય છે, તેમની વાત કોઇ સાંભળતું નથી. ત્યાર બાદ ‘સેવા ભારત’ સાથે રહીને એક સર્વે કરવામાં આવ્યો જેની ઘણી સારી અસર પડી. ત્યારે સરલા ચયની સાથે રહીને જરદોસી કામ કરતી બહેનોનો સર્વે કર્યો તેના ડેટા મુજબ કામ તાલીમ કેન્દ્ર શરુ કર્યા. વાત બહુ લાંબી છે તેમાં

ઉતાર-ચડાવ પણ બહુ આવ્યા, ૨૦૦૧માં ૧૦૦૦ સભ્યોથી શરું થયેલ હાલમાં ૨ લાખ ૫ હજાર સભ્યોનું સંગઠન છે. હાલ ૧૬ જિલ્લામાં પોલિસી લેવલે કામ ચાલી રહ્યું છે, અને નવાં નવાં ધંધાને આવરી લઇને ૨ વર્ષમાં ૩.૫ લાખ સભ્યોને જોડીશું.

આજના ખાસ પ્રસંગે ઇલાબહેનના દીકરા મિહિરભાઈ પણ હાજર રહ્યાં છે જેઓ કહે, ''સેવા'એ પચાસી ઉજવી, ઘણો આનંદ થાય છે, ખુશીથી મારો અવાજ નથી નીકળતો. મને નથી લાગતું કે કયાંય એવું હશે કે, કોઇ એક ભાઇને એક-બે-પાંચ-દસ-સો- હજાર નહીં, ૨૧ લાખ ૪૦ હજાર બહેનો હશે ! હું મારી જાતને બહુ ભાગ્યશાળી માનું છું કે, મારે બહેનો છે ! એ પણ કેવી ? એક-એક બેન સ્વાવલંબી છે, અથાગ મહેનત કરે છે, ભલાઇનું કામ કરે છે, કોઇ દિવસ કોઇને નુકશાન નથી પહોંચાડતી, ભગવાનને સાથે રાખીને કામ રે છે. પોતાના પરિવારને પોષે છે અને દેશને પણ બનાવે છે, આવી બહેનો હોવી અને એમને મળવાનું એ પણ નશીબ છે. મારી કલ્પનામાં પણ ન હતું ક્યારેક આવું થઇ શકે છે! હું એ પણ જોઉં છું કે, ક્યારેક કોઇ મને પૂછશે કે, પાછલાં ૭૫ વર્ષમાં દેશ બન્યો એમાં કઇ એવી વસ્તુ બની જે ગરીબો માટે થઇ? તો હું જરૂરથી બતાવીશ કે, જાઓ 'સેવા'માં જઇને જુઓ શું થયું છે અને શું થઇ શકે છે ? કોઇ મને પૂછશે કે, બહેનો માટે શું થયું ? હું કહીશ કે 'સેવા'ની બહેનોને નાગાલેન્ડ, કાશ્મીર, મધ્યપ્રદેશ, લખનૌમાં જઇને મળો, તો જોશો કે બહેનોમાં કેટલો બદલાવ આવ્યો અને કેટલી પગભર થઇ છે. કોઇ એ પૂછશે કે, કામદાર લોકો છે, જે મહેનત મજુરી કરે છે તેમને શું મળ્યું, શું ફાયદો થયો? આ દેશ બન્યો તો? હું ફરીથી કહીશ કે, આ 'સેવા' સંગઠન જુઓ! સંગઠન બની શકે છે અને બહુ સારું ચાલી શકે છે. કોઇ સંગઠન વાદ-વિવાદથી નહી પણ સહકારથી ચાલે છે અને બધા આગળ વધી શકે છે અને આંખ બંધ કરીને કહીશ કે, ૭૫ વર્ષમાં સારું શું થયું આપણા દેશમાં. હું પણ બતાવીશ અને આશા છે કે, તમે પણ જરૂરથી બતાવશો. આજે અહી એક ભાઇ થઇને બધા વતી પ્રાર્થના કરવા આવ્યો છું કે, હે ઈશ્વર-અલ્લાહ, આગળના ૫૦ વર્ષમાં તમે આપણા દેશની અંતર-આત્મા બની રહો. કોઈ પણ સારી અને સાચી વાત એ 'સેવા'થી શરૂ થાય અને જો, ખોટી હોય તો તે 'સેવા' થકી તરત રોકાઈ જાય!! અસ્તુ.

'સેવા' સંગઠન ઝિંદાબાદ... ઝિંદાબાદ...નાં નારા સાથે સ્ટેજ પર આવેલા બિહારના પ્રધાનમંત્રી માધુરીબહેન ખુશી અને આનંદ વ્યક્ત કરતાં કહે, સેવા બિહાર અને એમાં પણ ખાસ ભાગલપુરથી જે બહેનોએ કામ શરું કર્યું છે તેમણે ઇલાબહેનને પ્રણામ મોકલ્યા છે. ઉપસ્થિત સૌ બહેનોને પણ મારા નમન. 'સેવા' બિહારની શરૂઆત ૧૯૮૦માં થઇ હતી અને ૨૦૦૭માં યુનિયન બન્યું. રેનાનાબહેને હમણા જણાવ્યું કે, ગાંધી શાંતિપ્રતિષ્ઠાન સંસ્થા સાથે રહીને ગાંધી વિચારોને આગળ લઇ જવા રાજ્યોમાં કામ શરૂ કર્યું હતું. એ દરમ્યાન સાવિત્રીબેને- રાધાક્રીશ્નાભાઈ સાથે દિલ્હી ગયા ત્યાં ઈલાબેનને મળવાનું થયું. ત્યારબાદ બિહારના ચાર જિલ્લામાં 'સેવા'ના કામની શરુઆત થઇ. એ વખતે ૧૯૮૭માં પાપડ કામદાર બહેનોનું સંમેલન થયું હતું. સંમેલનથી બહેનોને વિશ્વાસ હતો કે કામદાર બહેનોની સામાજિક પરિસ્થિતિઓ ઘણી હતી, બહેનો ઘરની બહાર નીકળતી નહતી, કામદાર બહેનોની ઓળખ ન હતી. એ વખતે ઇલાબહેન ભાગલપુરના ટાઉનહોલમાં આવી રહ્યાં હતા. આશાથી વધારે કામદાર ભાઈઓ-બહેનો આવ્યાને આખો હોલ ખીચોખીચ ભરાઇ ગયો, જેમને લાગતું હતું કે, આજે આપણા માટે કોઈ બોલવાના છે, અમારી વાત થવાની છે. હું ફક્ત ભાગલપુરની વાત નથી કરતી આખા બિહારની વાત કરું છું કે, આવું સંમેલન અહી પહેલીવાર થયું હશે! માલિક, કામદાર અને સંસ્થા એક સાથે બધા સાથે બેઠા હતાં જેમાં, ઇલાબહેન સાથે હતાં. એ શરૂઆતથી બહેનોને લાગ્યું કે, અમારો આવાજ પણ આગળ કોઇ લઇ જઈ શકે છે. કામદારોનો હક છે મજુરી! તેથી આપણે બોલવું જોઇએ, જેથી આપણને આપણો અધિકાર મળે. ધીરે ધીરે 'સેવા'ની શરૂઆત થઇ, ત્યારબાદ બિહારમાં પાપડ ઉદ્યોગ મોટા પ્રમાણમાં વિકસ્યો. વર્ષ ૧૯૯૦માં 'સેવા'નું કામ થોડું થંભી ગયું. સાવિત્રીબહેન અને તેમના પતિને અચાનક રોડ અકસ્માત થયો જેથી તેમના પતિ ગુજરી ગયા સાવિત્રીબહેને મગજ ઉપર ગંભીર ઇજા આવી જેથી માનસિક સંમતુલન ઠીક ન હતું તેથી ૩ વર્ષ કશું કામ ન થયું. ૧૯૯૪માં હું જોડાઇ. મને 'સેવા' બાબતે કશી જાણકારી ન હતી. હું અભ્યાસ કરતી હતી અને મારી દિશા પણ જુદી હતી. તે દરમ્યાન પરીક્ષા આપી રહી હતી, જેમાં મારા ગ્રુપના એક સભ્યએ મને કહ્યું કે, ભણીગણી ને તમે ઘણું બધું કરી શકશો, પરંતુ હું તમને જ્યાં લઇ જાઉં છું ત્યાં તમને પણ બહુ બધું શીખવા મળશે. આજે અહી સુધી આવી આજે ખરે ખર વિચારું છું કે, મને બહું બધું મળ્યું છે.

આવી રીતે ૨૦૦૭માં 'સેવા ભારત' અને રેનાનાબહેનનો ઘણો સાથ-સહકાર રહ્યો છે. જયારે 'સેવા' નેશનલ કાઉન્સીલની શરૂઆત થઇ અને પાંચ રાજ્યોની વાત હતી ત્યારે બિહારમાં કોઓપરેટીવ સોસાયટીનું રજીસ્ટ્રેશન કરાવવામાં આવ્યું હતું, પરંતુ ૨૦૦ સભ્યોની સભ્ય સંખ્યા 'સેવા' અમદાવાદમાં આવતી હતી, દર વર્ષે. હું ૨૦૦૫માં 'સેવા' અમદાવાદ આવી હતી, જયારે સંગઠનની

વાત થતી તો વિચારતી કે ત્યાં કેવું કામ કરવાનું છે? આ ઉથલપુથલમાં મનાલીબહેન, જ્યોતિબહેન અને રેનાનાબહેનના માર્ગદર્શનથી આગળ કામ શરુ કર્યું. રેનાનાબહેન તો અમારી ટીચર છે. એમના માર્ગદર્શનથી કામ કરી રહ્યાં છીએ. બહુ ભાગદોડ કરી છે, ઘણાં ઉતાર-ચડાવ જોયા છે, આજે ૭૦૦૦ સભ્યોનું સંગઠન છે. સવારથી સાંભળ્યું એમાં ઘણી બધી વાત થઇ મને પણ લાગ્યું કે, આજે મને 'સેવા'એ ઘણું બધુ આપ્યું છે. મારું સૌભાગ્ય છે કે આજે આ સ્ટેજ ઉપર હું ઊભી છું. 'ઇલાબહેન તમારી જેવા બહેનોને મારા બિહારમાં લક્ષ્મી કહેવામાં આવે છે, તમે એ લક્ષ્મી છો, જે 'સેવા'ના ૫૦ વર્ષ તમે જોયા અને આટલું મોટું સંગઠન જોયું!!

*'સેવા' જિસે નિભા ના શકે વૈસા વાદા નહી કરતી,*
*'સેવા' અપની બાતે અપની ક્ષમતા સે જ્યાદા નહી કરતી,*
*ભલે હી તમન્ના રખતી હૈ આસમાન છુ લેને કી*
*લેકિન, દૂસરો કો ગીરાને કા ઈરાદા નહીં કરતી,*
*ઈસ લીએ યે ૫૦ વર્ષો તક અપને મૂલ્યો પર ચલતી હૂઈ*
*અનેકો વેદનાઓ, ઉપલબ્ધીઓ, સંઘર્ષો કો ઝેલતી હુઈ*
*આગે ૫૦ સાલ ઔર જાને કી તમન્ના રખતી હૈ,*
*ઔર ઈન સબ કે સાથ હમ લોગ ફીર સે સો સાલ પૂરા હોને કા નારા લગાએ,*
*''સો સાલ સાથ રહેંગે, સો સાલ પૂરા કરેગેં.''*

'સેવા' કેરલાના પ્રધાનમંત્રી સોનિયાબહેને જણાવ્યું કે, રેનાનાબહેને ઘણું બધું કહી દીધું છે, આપણુ રજીસ્ટ્રેશન વર્ષ ૨૦૦૮માં થયું હતું. નલિનીબેન કેરલાના ન હતા તેમ છતાં ત્યાંના માછલી પકડનાર બહેનોનું કામ શરુ કર્યું. ઘરેલું કામદાર બહેનોના કામથી શરુઆત થઈ જેમાં, ઘણી બધી તાલીમો આપવાનું શરું કર્યું. બાળકો વૃધો અને સુવાવડી બહેનોને કેવી રીતે સાચવવા તેની સમજ આપી. આ પહેલો પ્રયત્ન હતો 'સેવા' કેરલનો. પહેલા આ બધુ લોકો જાણતા ન હતા પણ, હવે ઘણા બધા જાણે છે. ૮૦ નો જે દાયકો હતો જેમાં દુનિયામાં આર્થિક વિકટ પરિસ્થિતિ આવી હતી એમાં જ કેરલામાં 'સેવા'નું કામ શરું થયું અને રજીસ્ટ્રેશન ૨૦૦૮માં થયું હતું. 'સેવા' કેરલા રાષ્ટ્રીય યુનિયનની સભ્ય છે. ઘરેલુ કામદારના સંગઠનની સાથે સાથે જે વિદેશી કામદારો છે જે બીજા દેશોમાં કામ કરવા જાય છે તેઓનું સંગઠન પણ કર્યુ છે. ખેતી અને ઘરખાતા કામદારોનું સંગઠન કર્યુ છે. આ સંગઠનના માધ્યમથી જે ઓળખ જોઇતી હોય, આમ જોઈએ તો કેરલ પુરુષ પ્રધાન દેશ છે, જ્યાં મહિલાઓને બહુ માન નથી આપતા પરંતુ બહેનો એ તેમની માગ મૂકી, અવાજ ઉઠાવ્યો, રાષ્ટ્રીય યુનિયન બન્યા પછી 'સેવા'ની એક સારી ઓળખ ઊભી થઈ છે, બહેનોની આર્થિક સમાનતા, તેમની ઓળખ અને હાલ ન્યુનતમ વેતન પર કામ થઈ રહ્યું છે.

મનાલીબહેને 'સેવા' કેરલથી આવેલ બહેનોને પણ સ્ટેજ ઉપર બોલાવી સૌ એક સૂરમાં ''હમ સબ એક હૈ'', ''સો લાખ હો કે રહેંગે'' ઔર ''સો સાલ પુરે કરેંગે''ના નારા ગાતા આગળ ચાલ્યા.

ત્યારબાદ 'સેલ્ફ એમ્પ્લોઇડ વુમેન એસોસીએશન જે 'સેવા' દિલ્હીનું નામ છે, જેનું રજીસ્ટ્રેશન ૨૦૧૧માં થયું, જેના ઇતિહાસની વાત ત્યાંના ઉપપ્રમુખ લતાબહેને કહે, આદરણીય ઇલાબહેન, મનોરમાબહેન પ્યારી બહેનો અને લીડર બહેનો, સો વર્ષ નહી પણ આપણે તો ઘણી લાંબી મઝલ કાપીશું. ૧૯૯૯માં દિલ્હીમાં એક સંમેલન થયું હતું, જેમાં અહીયાની બહેનો દિલ્હી આવ્યા હતા. ત્યાં તેમના સગાઓ રહેતાં હતા, તેમને મળ્યા હતા. તેમની માગ આવી કે, 'સેવા' જેવી રીતે ગુજરાતમાં કામ કરે છે તો દિલ્હીમાં કેમ ન કરે અહી પણ આવું કામ શરું કરો. જહાંગીરપુરીના શાકભાજી વેચનારથી દિલ્હીમાં 'સેવા' શરૂ થઇ. ૧૫થી ૨૦ કી.મી. દૂર રઘુવીરનગર આવેલું છે, જ્યાં રહેતાં જૂના કપડાં વેચનાર અને ફેરી-ટોકરી વાળા વેન્ડર હતાં, જેમના ઘણા પ્રશ્નો હતા, આમ ૧૯૯૯માં દિલ્હીમાં કામ શરૂ કર્યુ સાથે સાથે નિરક્ષર બહેનો, બાળકોને ભણાવવાનું શરૂ કર્યુ અને બચત મંડળો બનાવ્યા. બચત મંડળો બનાવતા હતા ત્યારે જહાંગીરપુરીમાં એક બેંક હતી જેમાં ખતા ખોલવા ગયા ત્યાં બેંકના મેનેજરે કહ્યું કે, જેવી રીતે અહીંની બહેનો ગરીબ છે તેવી જ બહેનો નંદનગરમાં પણ ઘણા આવા બહેનો છે, તમે ત્યાં પણ જાવ અને આવા કામ કરો. ફેરી ટોકરીવાળી બહેનો, વણાટકામ કરતી બહેનોની પણ જોડી, આમ ધીરે ધીરે કામ આગળ વધાર્યુ અને ૨૦૦૭માં રજીસ્ટર્ડ થયું. ત્યાર પછી સિલાઇ કામદાર અને ભરકામ કરતી બહેનોની

માગ આવી અને તેમના પણ ગ્રૃપ બનાવ્યા અને 'રૂઆબ' કરીને કંપની સાથે ડાયરેક્ટ જોડાણ કરાવ્યું. આ જ બહેનોના બચત મંડળીનો ઘણો વિકાસ થઇ ગયો હતો તેથી એમની પાસે ઘણા પૈસા ભેગા થઇ ગયા હતા જેથી ૨૦૧૧માં કો.ઓપરેટીવ બેંક રજીસ્ટર્ડ થઇ. દરેક રજીસ્ટ્રેશનની પાછળ એક જર્ની છે આજે 'સેવા' દિલ્હી ૧૧ જિલ્લામાં કામ કરે છે. આ કામ ક્યાંક ડાયરેક્ટ તો ક્યાંક ઈનડાયરેક્ટ કામ થઈ રહ્યું છે. આમ આપણે સૌ સાથે રહીશું, જ્યાં સુધી ધરતી હશે ત્યાં સુધી 'સેવા' કાયમ રહેશે.

(શિખાબહેન કહે, લતાબહેને પોતાનું ન કહ્યું પણ તેઓ એક સ્ટ્રીટ વેન્ડર હતાં અત્યારે મહામંત્રી છે, આ એક મોટી વાત છે.

મનાલીબહેને વેચનાર રાજીબહેને ઉભા કરીને યાદ કર્યા, જ્યારે દિલ્હીમાં જહાંગીરપુરી અને રઘુવીરનગરમાં 'સેવા' સંગઠનની શરૂઆત થઇ. એ અનુભવો યાદ કર્યા, રાજીબહેન જ્યારે 'સેવા'માં લવાજમ અંતર્ગત કામ માટે આવે અને તેમનો થેલો ખોલે તો તેમાંથી ક્યારેક ગાજર નીકળે તો ક્યારેક મૂળો નીકળે, એકવાર મને કહે કે, એક નવા સભ્યને લાવી છું અને નાનું કુતરાનું બચ્ચું મારા ટેબલ પર મુક્યું. આવી છે આપણી બહેનો.)

''લર્ન મહિલા કામદાર સંગઠના'' 'સેવા' મહારાષ્ટ્રની સ્થાપના ૨૦૧૧માં થઇ. મારું નામ ફાતિમાબહેન છે. મહારાષ્ટ્રનું સંગઠન એકદમ અલગ છે. સંગઠનની શરૂઆત ૫૦૦થી થઇ. 'સેવા'માં મનાલીબહેન સાથે પણ મીટીંગ કરી હતી અને ધીરે ધીરે કામ આગળ વધ્યું. પરંતુ સંગઠન જેમને શરૂ કર્યું હતું નીતીનસર જેમનું અચાનક અવસાન થયું અને અમારું કામ અટકી ગયું. ફરી સંગઠન કેવી રીતે ઊભું કરવું તેની અમને સમજ ના પડી. અમારું સંગઠન નાસિક, મુંબઈ અને સોલાપુર છે. અમારા સપોર્ટમાં ઈન્દિરાજી આવ્યા ઘણી મહેનત કરી અને આગળ વધ્યા હવે ૨૦૨૯૭ સભ્યોનું સંગઠન છે કોશિશ કરીએ છીએ કે, નાગપુર અને બીજા શહેરોમાં પણ કામ શરું થાય.અમે હજી આગળ વધીએ અને સંગઠન વધારીએ.

ઉત્તરાખંડના રીનાબહેને સૌને નમસ્કાર કરતાં કહે, આજે મને 'સેવા'ના ઈતિહાસ વિશે કહેવાનો મોકો આપ્યો તે બદલ આભાર માનુ છું. ૨૦૦૬માં ઉતરાખંડની સરકારે 'સેવા'ને ઉત્તરાખંડમાં આમંત્રણ આપ્યું હતું. ત્યારે ત્યાંના કલેક્ટર વીભા ગુડીદાસજી હતાં જેઓએ બીજા રાજ્યોમાં 'સેવા'નું કામ જોયું હતું, તેમને 'સેવા'નું કામ ગમ્યું હતું. સરકાર નવી યોજનાઓ બનાવે છે, એમાં પણ સરકારનો ઉદેશ્ય હતો કે બહેનોને આગળ લાવવી અને તેમનો વિકાસ કરવો, પરંતુ એ પૂર્ણ થતું ન હતું. ઉત્તરાખંડના પહાડી વિસ્તારોમાં સરકારે બેંકો દ્વારા જીઉૅંય ગ્રૃપ બનાવવા માટે 'સેવા'ને આમંત્રણ આપ્યું. ગૃપો બનાવી તો દીધા હતા પરંતુ, તેનો ઉદેશ્ય શું છે ? આગળ શું કરવું ? તેની કોઈને ખબર નહતી. ત્યારે 'સેવા'એ સૌથી પહેલા ત્યાં સર્વેથી શરૂઆત કરી હતી અને બહેનોની જરૂરિયાત શું છે તે જાણી આગલા ૩ વર્ષમાં અલગ અલગ તાલીમો આપી બહેનો વિકાસ કર્યો. દહેરાદુનથી કામ શરુ કર્યું ત્યારે બહેનો પોતાની સમસ્યાઓ કોઈને જણાવતી ન હતી, બેંક ખાતા ખોલવા હતા, બહેનોનું શોષણ થઈ રહ્યું હતું તે તે જાણ્યું બહેનોની પરિસ્થિતિ ખૂબ દયનિય હતી. આવી બહેનો સાથે મિટીંગ કરી બચત સમૂહમાં જોડ્યા આ ઉપરાંત RTI શું છે તે સમજ આપી સાથે સાથે સરકારી યોજના વિશે સમજાવ્યા. ૨૦૧૮માં 'સેવા' ઉત્તરાખંડ રજીસ્ટર્ડ થયું. પહાડી વિસ્તારની બહેનો મરચાનું ઉત્પાદન કરતી અને વેચાણ કરતી પરંતુ વચેટીયાઓના લીધે એમને કોઇ ફાયદા મળતા ન હતા, તેથી વચોટિયા દૂર કર્યા 'સેવા'એ તેમની પાસેથી સીધુ વેચાણ લઇ 'એકતા' કોઓપરેટીને આપતા. પહાડી વિસ્તારમાં બહેનો દૂર દૂર રહેતાં હોવાથી બહેનો બચત કરતી ન હતી કેમ કે, બેકમાં રૂ. ૧૦૦ જમા કરવા માટે ૨૦૦ રૂ. જેટલો ખર્ચ કરવો પડતો હતો તેથી ત્યાંની સ્થાનિક સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાની મદદથી ઝીરો બેલેન્સથી ખાતા ખોલાવ્યા. આજ રીતે વધુ આગળ કામ કરીશું.

'સેવા' રાજસ્થાનના પ્રધાનમંત્રી આશાબહેને રાજસ્થાનના ઇતિહાસની વાત કરતાં જણાવ્યું કે, ૨૦૦૧માં ૧૦૦ બહેનોના સંગઠનથી શરુઆત થઈ હતી. ૨૦૦૨ના ૨જી ઓક્ટોબરે રેનાનાબહેને સરકાર, મીલ માલીકો અને મજુરો સાથે ત્રીપક્ષીય બેઠક યોજી હતી, ત્યારે અમને 'સેવા'ની ઓળખ થઇ હતી. રાજસ્થાનમાં પણ બહેનોને એ જ લડાઇ અને સંઘર્ષ સાથે ઝઝૂમતી પડે છે તે જાણીને આવી બહેનો તાલીમ આપી પગભરતાની દિશામાં આગળ વધારવાના પ્રયાસો કર્યા છે. હાલ 'સેવા' રાજસ્થાનમાં સાત જિલ્લાઓમાં કામ ચાલુ છે. અમારી સભ્ય સંખ્યા બતાવતા મને ગર્વ થાય છે અત્યારે ૮૫૫૦૦ સભ્યો છે, તેમાં હું શારદાબેન કોષ્ટીનો આભાર માનું છું, જેઓ હાલ આપની વચ્ચે નથી. રાજસ્થાનમાં 'સેવા' સંગઠન ઊભું કરવામાં તેમનો ઘણો સાથ રહ્યો છે.

આપણે કહ્યું કે, ''૨૧ લાખ હોં કે રહેંગે' એમ રાજસ્થાનનું સંગઠન પણ વધારીશું. જેણે મુખ્ય ('સેવા') રૂપી ઝાડ વાવ્યું હતું તે ઝાડ અત્યારે ઘટાટોપ થઈ ગયું છે અને તેમાં ફળફૂલ બહુ જ આવી ગયા છે, આખા ભારતમાં આ ઝાડ ફેલાઈ ગયું છે તેમ દેશ-વિદેશમાં પણ ફેલાઈ જાય એવી આશા છે.

૫૦ વર્ષની ઉજવણીના અભિનંદન પાઠવતા નાગાલેન્ડના અત્સોલેબહેન કહે, નાગાલેંડમાં ૨૦૧૩માં 'સેવા' આવી. બીમાપુરથી સંગઠનની શરૂઆત થઇ. ૨૦૧૯મા 'સેવા' નાગાલેન્ડનું રજીસ્ટ્રેશન થયું. હાલમાં કુલ ૩૦૫૩ સભ્ય સંખ્યા છે. આ બહુ નાનો આકડો છે પરંતુ, અમે વધુ કોશિશ કરીશું વધુ આગળ વધીશું.

આ રાજ્યોમાં હજુ રજીસ્ટ્રેશન થયેલ નથી, પરંતુ આજે 'સેવા'ની ૫૦ વર્ષની ઉજવણીમાં ભાગ લેવા આસામથી લીલાનીબહેન, કાશ્મીરથી ઉઝમાબહેન, મેઘાલયથી નોનીબહેન, લેહ-લડાખથી સોનમબહેન, ઓરિસ્સાથી પરીબહેન, પંજાબથી જેનમબહેન અને ઝારખંડથી સીમાબહેન અને બાકી રાજ્યોના આવેલા પ્રધાનમંત્રી સ્ટેજ ઉપર સાથે મળીને બુલંદ અવાજે કહ્યું કે, 'સેવા'ની શરૂઆત અમદાવાદથી થઇ તે અમારી 'મધર સેવા' છે. આપણા બધાની સહકારીતાથી ૧૦૦ લાખ થઈને રહીશું!!

અંતમાં, મધ્યપ્રદેશના મનોરમાબેન કહે, આદરણીય ઈલાબેન, મિરાઈબહેન, નમ્રતાબેન, જ્યોતિબેન, મનાલીબેન સૌ બહેનો આજે આપણે 'સેવા'ની સુવર્ણ જયંતી મનાવી રહ્યાં છીએ, મારા માટે બહુ ગર્વની વાત છે, આટલા લાંબા સમય આપણે સાથે છીએ. મારે પણ ૩૮ વર્ષ આ કામમાં થઇ ગયા અહિયાં જેટલી પણ બહેનો બેઠી છે તે એક દઢ વિશ્વાસ લઈને બેઠી છે કે, તેમના સપના આગળ લઇ જવાના. ૧૮ રાજ્યમાં 'સેવા' ફેલાયેલી છે, ''સેવા' અમદાવાદથી શરૂ થઇ તે અમારા સહુની 'મધર સેવા'' છે. આટલા લાંબા સમયમાં મને એવું થયું કે, બહેનો તેમના સપના પુરાં કરે અને બહેનો આગળ વધે. રેનાનાબહેને 'સેવા'ના સંઘર્ષની વાત કરી અને રાજ્યોમાંથી આવેલા બહેનોએ પણ જણાવ્યું કે, 'સેવા' કેવી રીતે બની. પરતું 'સેવા' બનાવવાનો વિચાર કેવી રીતે આવ્યો ? એ પ્રેરણા સ્ત્રોત છે આપણી ઈલાબહેન. અમુક સમયે પૃથ્વી પર એક શક્તિનો અવતાર ધરવા માટે સારા લોકોએ આવવું પડે છે, જેમાં નમ્રતા, સાદગી, શક્તિ, સાહસી, વિરાંગતા અને બુદ્ધિમત્તા વગેરે સૂઝ ઇલાબહેનમાં છે, તે સાધારણ ન કહેવાય.

તેમના દિલ-દિમાગમાં બહેનો છે. આપણી લાખો બહેનોના જીવન સવાર્યા છે. આ બહુ મોટી ઉપલબ્ધી છે. 'સેવા'નો ઇતિહાસ આપણા દેશના ઈતિહાસમાં લખશે. આ સંગઠન મુલ્યો અને ઉદેશ્યોને સાથે રાખીને આગળ વધ્યાં છીએ, ''ઇલાબહેને કહ્યું તેમ ૧૦૦ વર્ષ સાથે રહીશું, હું નહીં રહું પરંતુ અમારી અંદરની સદ્ભાવના છે તે સુખદ અનુભૂતિ છે.'' આટલી બહેનોનું સંગઠન બને તો સમાજમાં તેની જાગૃતિ ફેલાય છે, આજે જ્યાં જ્યાં 'સેવા' છે ત્યાં ત્યાં 'સેવા'નો દીવો બળે છે. તેમાં પ્રેરણા સ્ત્રોતઈલાબહેન છે, રેનાનાબહેન છે, આ લોકોનો બહુ મોટો સહયોગ છે. મધ્યપ્રદેશનો એક હિસ્સો રેનાનાબેન છે. દરેક ક્ષેત્રમાં તેમને સાથ-સહકાર અને માર્ગદર્શન આપ્યું છે, તેમની આભારી છું. ઈલાબહેનના માટે શબ્દમાં વર્ણન ન કરી શકું, કેમ કે તેઓ શબ્દોથી પરેહ છે. તેમનું શબ્દોથી વર્ણન ન કરી શકાય. આ ઉપરાંત બધી બહેનોએ સહકાર આપ્યો છે. મનાલીબહેન ,જ્યોતિબહેન, નમ્રતાબહેને ઘણી બધી તાલીમો આપીને બહેનોના હ્યદય પરિવર્તન કર્યા છે. મીરાઈબહેને વીમો સેવા થકી ઘણા જીવન સફળ કર્યા છે. બધાની ઉંમર થઈ છે પણ પાછા પડતા નથી, અને પાછુ પડવું પણ ન જોઈએ! જ્યાં સુધી આપણે બધા સાથે છીએ તેવું અમે વિચારીએ છીએ. ઈલાબહેનનું ઉદાહરણ જુઓ ૯૦ વર્ષે તેઓ આટલો સમય આપી શકે છે તો, આપણે કેમ નહીં? આપણે તો કદી રીટાયર્ડ થઈશું નહી. ''હમે તો મરતે દમ તક કામ કરના હૈ'' હું નવો નારો આપું છું, ''જબ તક ગંગા જમના મેં પાની હૈ, તબ તક 'સેવા'કા નામ રહેગા.'' હું અત્યારે એવા લોકોને આમંત્રણ આપું છું, જે લોકોએ પોતાના રાજ્યોમાં આગેવાની લઈને 'સેવા'નું કામ કર્યું છે અને 'સેવા'ને આગળ કરી છે. મને ગર્વ છે અને તેઓને મારા તરફથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

ત્યારબાદ મનાલીબેન બહેને જણાવ્યું કે, દર ત્રણ વર્ષ પછી ચૂંટણી થાય અને અધ્યક્ષ બને છે. આજની સુવર્ણ જયંતિ પ્રસંગે મનાલીબહેને અને જ્યોતિબહેને અધ્યક્ષોને સ્ટેજ ઉપર આમંત્રિત કરીને દરેક રાજ્યના પ્રધાનમંત્રીને ''હમ સબ એક હૈ''ના સ્લોગન વાળી દરેક રાજ્યની ભાષામાં તૈયાર કરેલી તખ્તી અને દરેક રાજ્યના પ્રમુખને 'સેવા'ના વડલાની કોતરણી સાથે આંટી રૂપી મેડલ આપી સન્માનિત કર્યા. જેમાં, સેવા ઇન્દોરના વસંતીબેન જોધા, રાજમ્નીબેન સ્વામી, સેવા મધ્ય પ્રદેશના રાધાબેન, મંજુબહેન, સેવા ઉત્તરપ્રદેશના સુર્યાબેન અને સીતાબેન, સેવા બિહારના સુષ્માબેન, ક્મૃનીશાબેન, ઉશ્રાબાનુ, સેવા કેરલના ઉષાબેન, સેવા દિલ્હીના લતાબેન, સેવા નાગાલેંડના અત્સોલેબહેન, 'સેવા' ગુજરાતના શાંતાબેન, કપીલાબેન, સેવા રાજસ્થાનના શારદાબેન અને ઉત્તરાખંડના નિર્મલાબેન.

૧૮ રાજ્યોની 'સેવા' મળીને સ્ટેજ ઉપર સાંસ્કૃતિ કાર્યક્રમ કર્યો જેમાં, 'સેવા' મધ્યપ્રદેશથી આવેલ બહેનોએ ગીત ગાઇને પર્ફોમ કર્યું.

*''હમ કામગાર હૈ દેશ કે બઢતે હી જાયેગેં!*
*હમ હર કદમ પર શાંતિ કા ઘર બનાયેગેં*
*કુદરત ને દી હૈ હમકો તો ઇલાબહેન સી નારિયાં!*
*હમ દેશ કો બનાએંગે શાંતિ કા આશિયાં!''*

**'સેવા' અકાદમી બહેનોએ પણ સાથે મળીને ગીત ગાયું જેના બોલ છે,**

**''હમ સબ એક હૈ''**

હે મારી 'સેવા'ની બેનડિયું રે... આવો 'સેવા'માં જોડાવો રે... (૨)
'સેવા'માં આવો, વિકાસ પામો, સંગઠનમાં જોડાવો રે...
હા 'સેવા'ની બેનડિયું રે... 'હમ સબ એક હૈ' 'હમ સબ એક હૈ'
હે 'સેવા'ના વડલાની વડવાઈઓ વાવી.. (૨)
ત્રણેય પેઢીનો વારસો રે જામ્યો.. તેનાથી શક્તિ વિકાસ પામ્યા રે..
હા 'સેવા'ની બેનડિયું રે... 'હમ સબ એક હૈ' 'હમ સબ એક હૈ'
હે પચાસ વરસની ઉજવણી માણો.. અનુબંધ ને વાંચી રે લેજો..(૨)
શક્તિવિકાસ ને પામ્યા રે તમે, સ્વાવલંબી આજે થયા રે બહેનો..
હા 'સેવા'ની બેનડિયું રે... 'હમ સબ એક હૈ' 'હમ સબ એક હૈ'
હે દેશ વિદેશમાં પહોંચી રે બહેનો, શિક્ષણ ને તાલીમ પામ્યા રે બહેનો.. (૨)
નોખા રે નોખા કામ રે એના.. ગામે ગામે 'સેવા' પહોંચી રે..
હા 'સેવા'ની બેનડિયું રે... 'હમ સબ એક હૈ' 'હમ સબ એક હૈ'
સ્વાવલંબનને રોજગારી પામ્યા, માલિકીને સાચવજો રે બહેનો.. (૨)
'સેવા'ના સંગઠનમાં જોડાવો રે,શ્રમજીવી મારી બહેનો રે..
હા 'સેવા'ની બેનડિયું રે... 'હમ સબ એક હૈ' 'હમ સબ એક હૈ'
હે ઇલાબહેનનો વારસો રે મળ્યો, તેનાથી અમને સાથ રે મળ્યો..(૨)
ગાંધી મૂલ્યોની સાથે રે સાથે, સાદગી અમે પામ્યા રે..
હા 'સેવા'ની બેનડિયું રે... 'હમ સબ એક હૈ' 'હમ સબ એક હૈ'
'હમ સાથ સાથ હૈ' 'હમ સબ એક હૈ' (૨)

અંતમાં ''હમ સબ એક હૈ''ના નારા સાથે મનાલીબહેને કહે, ''૧૦૦ સાલ સાથ રહેંગે ઔર ૧૦૦ લાખ હોકે રહેંગે...''

**- ગોમતી પરમાર, ગીતા નૈલા**

❑

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2021-23
Issued by S.S.P. Valid up to 31-12-2023.

Ahmedabad P.S.O.
6-4-22, 22-4-22

## અનસૂયા

- ૪૦માં વર્ષમાં પ્રવેશી ચૂકેલું પાક્ષિક 'અનસૂયા'
- થોકબંધ પ્રકટતા વૃત્તપત્રો વચ્ચે મહિલાઓની શ્રમશક્તિનું સુકાન બની અવિચળ સ્થાન મેળવી ચૂક્યું છે.
- શ્રમજીવી મહિલાઓ સાથે સમગ્ર મહિલાવિશ્વને એક તાંતણે બાંધવા સદાય તત્પરતા દાખવતો 'અનસૂયા'નો વાચકવર્ગ સર્વવર્ગીય છે.
- 'સેવા' અમદાવાદથી વિસ્તરીને ગુજરાત, ભારત, અને આંતરરાષ્ટ્રીય વિકાસ સાધે છે ત્યારે તેના મુખપત્ર 'અનસૂયા'ના ફલકનો વ્યાપ વધ્યો છે.
- વિસ્તૃત વાચકવર્ગ સુધી 'અનસૂયા' પહોંચાડવાના આદરેલા અભિયાનમાં જોડાવા હવેથી વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- અને આજીવન લવાજમ રૂા. ૭૦૦/-નો સૌનો સાથ અગત્યનો ગણાશે.

**દર મહિને છઠ્ઠી અને બાવીસમી તારીખે**
**'અનસૂયા' પ્રકટ થાય છે.**

**Place to Send Subscription :**

**Shree Mahila SEWA Anasooya Trust**

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** **6-4-22, 22-4-2022**

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001